# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૧૨ * ઓગસ્ટ, ૨૦૨૪

## ધર્મરત્ન ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો

## ૧૧૧મો

## જન્મજયંતી મહોત્સવ

તા. ૧૭-૮-૨૦૨૪, શનિવાર થી

તા. ૨૧-૮-૨૦૨૪, બુધવાર











# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે યોગીશ્વર ! નિશ્ચયનયકર વિચારા જાવે તો યહ જીવ ન તો ઉત્પન્ન હોતા હૈ, ન મરતા હૈ ઔર ન બંધ-મોક્ષકો કરતા હૈ, અર્થાત્ શુદ્ધનિશ્ચયનયસે બંધ-મોક્ષસે રહિત હૈ ઐસા જિનેન્દ્રદેવ કહતે હૈં. ૫૫.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૧, ગાથા-૬૮)

● હમ ભી શ્રી જિનેન્દ્રદેવકે સમાન જ્ઞાનગોચર હૈ, હમ ભી સ્વાનુભવગોચર હૈ, હમ ભી પરમાનંદ સ્વભાવકે ધારી હૈ, હમ અપને આનંદમયી સ્વરૂપમેં મગન હૈ, હમ હી મુક્તિસ્વરૂપ હૈ, હમ હી સિદ્ધસ્વભાવકે ધારી હૈ. ઈસ તરહ સાધકકો એક દ્રવ્યાર્થિકનયકી અપેક્ષા અપને આત્માકે સ્વરૂપકા મનન કરના ચાહિએ. ૫૬.

(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૩૨૧)

● જો જિનભગવાન હૈ વહી મૈં હૂં—યહી સિદ્ધાંતકા સાર સમજો. ઈસે સમજકર હે યોગીજનો ! માયાચારકો છોડો. ૫૭. (શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર-૨૧)

● હે ભવ્ય! હું તને એક વસ્તુ સમજાવું છું, અત્યંત પ્યારથી તે તું સાંભળ અને સમજ-'આ આત્મા પોતે નિત્ય સત્-ચિત્-આનંદ-સ્વરૂપ છે, તેને તું કદી ભૂલીશ મા.' ૫૮. (શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક-૯)

● ભાવસે ભાવોંકી શુદ્ધિ હોતી હૈ, વહ ભાવ યહ હૈ કિ યહ અપના આત્મા નિશ્ચયસે પરમાત્મરૂપ નિર્મલ અપને સ્વભાવમેં રહનેવાલા હૈ. યહી ભાવ ભવ્યજીવોંકે લિયે શરણ હૈ. જો ઈસ આત્માનુભવરૂપી ભાવકી આરાધના કરતે હૈં વે નિર્વાણકો જાતે હૈ. ૫૯. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૯૦૭)

● જીવદ્રવ્ય ક્વચિત્ સદ્ગુણો સહિત વિલસે છે—દેખાય છે, ક્વચિત્ અશુદ્ધરૂપ ગુણો સહિત વિલસે છે, ક્વચિત્ સહજ પર્યાયો સહિત વિલસે છે અને ક્વચિત્ અશુદ્ધ પર્યાયો સહિત વિલસે છે. આ બધાંથી સહિત હોવા છતાં પણ જે એ બધાથી રહિત છે એવા આ જીવતત્ત્વને હું સકળ અર્થની સિદ્ધિને માટે સદા નમું છું, ભાવું છું. ૬૦. (શ્રી પદ્મપ્રભમલધારિદેવ, નિયમસાર ટીકા, શ્લોક-૨૬)

● અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળગોપાળ સૌને સદાકાળ પોતે જ અનુભવમાં આવતો હોવા છતાં પણ અનાદિ બંધના વશે પર (દ્રવ્યો) સાથે એકપણાના નિશ્ચયથી મૂઢ જે અજ્ઞાની તેને "આ અનુભૂતિ છે તે જ હું છું." એવું આત્મજ્ઞાન ઉદય થતું નથી. ૬૧.(શ્રી અમૃતચંદ્રાચાર્ય, સમયસાર ટીકા, ગાથા ૧૭-૧૮)

વર્ષ–૧૮
અંક–૧૨

વિ. સંવત
૨૦૮૦

August
A.D. 2024






## ધન્ય અવતાર, પ્રશમમૂર્તિ, ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

જ્ઞાન : હે બેન ! તમે ક્યાં જઈ રહ્યાં છો ?

સાધના : હું તો આપણા ઉપકારી બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતિ ઉજવવા સોનગઢ જઈ રહી છું.

જ્ઞાન : સોનગઢ જવાની શું જરૂર છે, જન્મજયંતિ તો અહીં પણ ઉજવી શકાય છે.

વૈરાગ્ય : હા, વાત તો વિચારવા જેવી લાગે છે, પણ....

સાધના : પૂજ્ય ધર્મમાતાએ સોનગઢમાં ઘણા વર્ષો રહીને ત્યાંની ભૂમિ પવિત્ર કરી છે અને તેથી તેમની જન્મજયંતિ પણ ત્યાં જ ઉજવવી જોઈએ ને !

વૈરાગ્ય : બેન સાધના ! પૂજ્ય બહેનશ્રી ચંપાબેન કેવાં હતાં ? તેમના જીવન વિશે અમને કહોને !

સાધના : હા, કેમ નહીં ! પૂજ્ય બહેનશ્રીનો જન્મ વઢવાણ ગામમાં શ્રાવણ વદ બીજના દિવસે વિક્રમ સંવત ૧૯૭૦માં થયો હતો. આ મંગળ દિવસે પિતાજી જેઠાભાઈ ને માતા તેજબાનાં ઘરે મંગળ વધામણાં થયાં હતાં. તો ચાલો, આપણે પણ આ મંગળ દિવસને યાદ કરી વધામણા કરીએ....

### ભક્તિ

(રાગ : વૈશાખ સુદ બીજને વાર)

શ્રાવણ વદ બીજ છે આજ, તેજબા ઘેર કુંવરી પધારીયા....
ગુંજ્યાં દુંદુભીના નાદ, તેજબા ઘેર કુંવરી પધારીયા...

શુદ્ધ આતમના નાદ ગુંજ્યાં છે, ભક્તો ઉતર્યા ભવ પાર....
તેજબા ઘેર કુંવરી પધારીયા....
શ્રાવણ વદ બીજ છે આજ, તેજબા ઘેર કુંવરી પધારીયા....

❋ ❋ ❋

સાધના : જ્યારે બાળ મહાત્માની ઉંમર ફક્ત સાડાત્રણ વર્ષની હતી ત્યારે તેઓશ્રીનાં માતા તેજબાનું દેહવિલય થઈ ગયું હતું ! અને તેઓશ્રી તેમના મોટા બેન સમરતબેન પાસે કરાંચી રહેવા ગયાં હતાં. તેઓશ્રી નાનપણથી જ દયાળુ અને શાંત હતાં. કરાંચીમાં પાણીના નળ સહયારા હતા. જ્યારે તેઓશ્રી પાણી ભરવા જતાં ત્યારે, તેમનો વારો આવવા છતાં તેઓશ્રી બીજાને પાણી ભરવા દેતાં અને કહેતાં ''તમે પહેલાં પાણી ભરી લો, પછી હું ભરીશ.''

તેઓશ્રી નાનપણથી જ વૈરાગી હતાં અને સતીઓનું બહુ આકર્ષણ હતું. શાળામાં પ્રથમ આવવાના કારણે તેઓશ્રીને પુરસ્કારમાં 'સતી મંડળ' નામનું પુસ્તક ભેટમાં મળ્યું હતું અને તેઓશ્રી સખીઓ સાથે સતીઓના ચરિત્રના ગરબા ગાતાં-ગવરાવતાં હતાં. તો ચાલો, આપણે જોઈએ કે તેઓશ્રી કેવા વૈરાગ્યરસ ભરેલા ગરબા કરાવતાં હતાં.....

**ભક્તિ**

આવો આવો ! સૌ સીતા સતીનો વૈરાગ્ય સુણવા આવો....
આવો આવો ! સૌ સીતા સતીનો વૈરાગ્ય સુણવા આવો....
રામચંદ્રજીનો સાથ દેવાને, કર્યો વનમાં વાસ,
રાવણ દ્વારા હરણ થયું પણ, શીલમાં રહ્યાં સુદૃઢ....આવો...
પાપ તણો ઉદય આવ્યો ને, તજ્યો રામે સાથ,
બળભદ્રને સંદેશ મોકલ્યો, 'ધર્મ ન છોડતા નાથ'....આવો...
અગ્નિ પરીક્ષા પસાર કરીને, ચાલ્યા વન મોઝાર,
પંચ અણુવ્રત ગ્રહણ કરીને, થયા અર્જિકા મહાન....આવો...

❋ ❋ ❋

સાધના : તેઓશ્રીને એમ થયા કરતું હતું કે આ કરાંચીમાં ધર્મના સંસ્કારને પોષણ મળતું નથી તેમ જ સંતોનો વિરહ લાગતો હતો. તેથી મન પરદેશમાં એટલે કે કરાંચીમાં લાગતું ન હતું. આ કારણે સામાન્યપણે નરમ પ્રકૃતિના હોવા છતાં એકલા જ કરાંચીથી વઢવાણ જવા નીકળી પડ્યાં...

**ભક્તિ**

(રાગ : મારા માતાજીને લાગ્યો છે...)

વ્હાલા ધર્માત્માને લાગ્યો છે સત્ સંતોનો રંગ.... વ્હાલા...
એ તો આવી પહોંચ્યાં... એ તો આવી પહોંચ્યાં,
વીરપુર જ્યાં સંતોનો સંગ....
વ્હાલા ધર્માત્માને લાગ્યો છે સત્ સંતોનો રંગ....વ્હાલા...

❊ ❊ ❊

સાધના : ભગવતી માતા વઢવાણમાં તેમના મોટાભાઈ વૃજલાલભાઈ સાથે રહ્યાં. વિક્રમ સંવત ૧૯૮૫માં એટલે કે તેઓશ્રી ૧૪-૧૫ વર્ષના હતાં ત્યારે વઢવાણમાં ગુરુદેવશ્રીનો પ્રથમ સત્-સમાગમ થયો હતો. પછી તો તેઓશ્રી પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાં જે આવ્યું તે અક્ષરશઃ લખી લેતા અને એનો ઊંડો અભ્યાસ કરતાં હતાં. એમ કરતાં કરતાં સ્વાધ્યાય, ચિંતન, મનન વધતાં ગયા. અને ત્યાર પછી ૧૯ વર્ષની ઉંમરે વાંકાનેરમાં સંવત ૧૯૮૯, ફાગણ વદ દશમના મંગળ દિવસે બપોરે લગભગ ત્રણ-સાડાત્રણ વાગે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું.

**ભક્તિ**

(રાગ : ભાવે ભજો ભાવો ભજો...)

ભાવે ભજ્યો... ભાવો ભજ્યો... આતમ રાયા, સમ્યગ્દર્શન પાયા જી પાયા...
શુદ્ધ આતમકો નિજ મેં બસાયા, ભવ ભ્રમણકા અંત હૈ આયા.
કહાન ગુરુ...કહાન ગુરુકો બતાયા...સમ્યગ્દર્શન પાયા જી પાયા...
ભાવે ભજ્યો..ભાવે ભજ્યો.. આતમ રાયા, સમ્યગ્દર્શન પાયાજી પાયા...

❊ ❊ ❊

સાધના : સમ્યગ્દર્શન થયા પછી આત્માનુભવી એ સંતે મોટાભાઈ હિંમતભાઈને પત્રમાં લખ્યું હતું કે : 'આ આત્માને પરિભ્રમણનો કિનારો આવી ગયો છે' અને પૂજ્ય ગુરુદેવશ્રીને કહેલ કે 'સાહેબ! આપના પ્રતાપે મને આત્મસાક્ષાત્કાર થયો છે'. કૃપાળુ ગુરુદેવશ્રીએ પૂજ્ય બહેનશ્રીને પૂછ્યું 'બહેન ! તમને આત્મસાક્ષાત્કાર થતાં શું થયું ?' ત્યારે પૂજ્ય બહેનશ્રીએ કહ્યું 'આત્મા અકર્તા થઈ ગયો, કર્તૃત્વ છૂટી ગયું અને જ્ઞાતા થયો.' માત્ર થોડા પ્રશ્નોના ઉત્તરથી જ જ્ઞાનસાગર ગુરુદેવશ્રીને સંતોષ થઈ ગયો હતો ને તેઓશ્રીનાં મુખમાંથી સહજ જ 'આત્મા ક્યાં સ્ત્રી કે પુરુષ છે ? આત્મા ક્યાં બાળક કે વૃદ્ધ છે ?' એવા ઉદ્ગાર સરી પડ્યાં.

ત્યાર પછી થોડા જ સમયમાં સંવત ૧૯૯૧માં પૂજ્ય ગુરુદેવશ્રીએ સંપ્રદાય પરિવર્તન કરી સોનગઢમાં વસવાટ કર્યો. શાસનપ્રભાવક ગુરુદેવશ્રીનાં પ્રવચન આદિનો લાભ લેવા પૂજ્ય બહેનશ્રી પણ સોનગઢમાં સ્થાયી થયાં. સમયસારમર્મજ્ઞ પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો સાંભળી પૂજ્ય બહેનશ્રીને એમ થયા કરતું હતું કે અહો ! ગુરુદેવશ્રીનાં પ્રવચનો કેટલા અદ્ભુત છે અને એમાં તો દરરોજ નવા-નવા ન્યાય અને ખુલાસાઓ આવે છે...

**ભક્તિ**

(રાગ—મારા ઘર આંગણિયામાં)

રૂડા સુવર્ણપુરીમા કહાન ગુરુજી પધાર્યા રે !...
રૂડા સુવર્ણપુરીમાં કહાન ગુરુજી પધાર્યા રે !...
એના પ્રવચનમાં શુદ્ધ આતમનું જ્ઞાન,
એવા અદ્ભુત ન્યાયોનું રસપાન કરાવે રે !...
રૂડા સુવર્ણપુરીમાં કહાન ગુરુજી પધાર્યા રે !...

* * *

સાધના : વિક્રમ સંવત ૧૯૯૩ના ચૈત્ર વદ આઠમની તિથિએ ૨૩ વર્ષની ઉંમરે ધ્યાનમાંથી બહાર આવતાં પૂજ્ય બહેનશ્રીને મતિજ્ઞાનની શુદ્ધતાના ફળ સ્વરૂપે પૂર્વ ભવનું સ્મરણ આવ્યું.... જાતિસ્મરણ જ્ઞાન થયું.

જાતિસ્મરણજ્ઞાનમાં સ્વયંનાં તથા ગુરુદેવશ્રીનાં પૂર્વ ભવોનું જ્ઞાન થયું હતું.

પૂર્વ ભવમાં તેઓશ્રી સીમંધર ભગવાન પાસે હતાં. સીમંધર ભગવાનની વાણીમાં, પૂજ્ય ગુરુદેવશ્રીનો જીવ ચાર ભવ પછી ધાતુકીખંડમાં ભાવી તીર્થંકર થશે અને તેઓ (-પૂજ્ય બહેનશ્રી) તેમના દેવેન્દ્રકીર્તિ નામના ગણધર થશે વગેરે વાતો તેમને જાતિસ્મરણ જ્ઞાનમાં આવી હતી. આ બધી વાતો, આપણે જેમ કાલની વાત યાદ કરીએ છીએ એમ યાદ આવી હતી.

**ભક્તિ (રાગ : નિર્ગ્રંથોકા માર્ગ)**

જાતિસ્મરણ જ્ઞાન.... જાતિસ્મરણ જ્ઞાન
હમકો પૂર્વ ભવ બતલાતા હૈ.... જાતિસ્મરણ જ્ઞાન...
બેનશ્રી મેરે... નિજ ધ્યાન કરતે થે
તબ પૂર્વભવ સ્મરણ આયા, ગુરુદેવશ્રી મેરે...ગુરુદેવશ્રી મેરે..
અબ તીર્થંકર હોનેવાલે હૈ.... ગુરુદેવશ્રી મેરે...ગુરુદેવશ્રી મેરે..
અબ તીર્થંકર હોનેવાલે હૈ.... ગુરુદેવશ્રી મેરે...ગુરુદેવશ્રી મેરે..
જાતિસ્મરણ જ્ઞાન.... જાતિસ્મરણ જ્ઞાન
બહેનશ્રી કો આયા હૈ જાતિસ્મરણ જ્ઞાન
બહેનશ્રી મેરી...બહેનશ્રી મેરી અબ ગણધર પદ લેનેવાલી હૈ.
જાતિસ્મરણ જ્ઞાન, જાતિસ્મરણ જ્ઞાન
ભગવતી માતકો આયા હૈ જાતિસ્મરણ જ્ઞાન..

✻ ✻ ✻

સાધના : આપણા સ્વાધ્યાય મંદિરના ગોખલામાં જે સમયસારજી બિરાજમાન છે તે, સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજ્ય ભગવતીમાતાએ જ બિરાજમાન કર્યું હતું અને પૂજ્ય ગુરુદેવશ્રીએ તેઓશ્રીને 'ભગવતી' એવું બહુમાન ભર્યું વિશેષણ આપ્યું હતું. તેઓશ્રીનો જ્ઞાન ને વૈરાગ્ય એવો હતો કે કૃપાસાગર પૂજ્ય ગુરુદેવશ્રીએ 'આરાધનાની દેવી' જેવી ઉપમા તેઓશ્રીને આપી હતી.

વૈરાગ્ય : બેન સાધના ! પછી શું થયું ?

સાધના : ભાઈ વૈરાગ્ય ! વિ.સં. ૨૦૩૭, કારતક વદ સાતમના દિવસે ભાવિ તીર્થાધિનાથ પૂજ્ય ગુરુદેવશ્રીએ વૈમાનિક સ્વર્ગમાં પ્રયાણ કર્યું અને પૂજ્ય

ભગવતી માતા તેમ જ ભક્તોને વિરહમાં મૂકી ગયાં. અને તેઓશ્રીનું હૃદય પોકારી ઉઠ્યું.....

**ભક્તિ**

(રાગ : તુમ બિન કૌન સુનાવે)

ગુરુવર વિરહ લાગ્યો રે ! ગુરુવર વિરહ લાગ્યો રે !
જ્ઞાનની વાતો કોણ સુણાવે ! જ્ઞાનની વાતો કોણ સુણાવે !
યાદ આવે સત્સંગ રે ! ગુરુવર વિરહ લાગ્યો રે !
ગુરુવર વિરહ લાગ્યો રે !

❊ ❊ ❊

સાધના : મહા ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રીની ચીર વિદાય પછી ભક્તોને આ સંસારના તાપમાંથી બચાવનાર એક પૂજ્ય બહેનશ્રીની શીતળ છાયા જ હતી.

પછી વિ.સં. ૨૦૪૧, ફાગણ સુદ સાતમના શુભ દિને તેઓશ્રીની નિશ્રામાં પંચમેરુ-નંદીશ્વર જિનાલયની પ્રતિષ્ઠા થઈ, તેમાં ગુરુદેવશ્રી અને બહેનશ્રીનાં વચનામૃત આરસ-પાષાણમાં કોતરાવવામાં આવ્યાં છે.

ગુરુદેવશ્રીની વિદાય પછી દસ વર્ષ સુધી મુમુક્ષુઓને ઉઠતા સર્વ પ્રશ્નોનું સમાધાન સરળ, પણ સચોટ અને હૃદયસ્પર્શી, ભાષામાં તેઓશ્રી કરતાં હતાં.

વૈરાગ્ય : અહો ! મહા ભાગ્ય આપણા કે પંચમકાળમાં આવા જ્ઞાનીઓનો સત્સંગ મળ્યો.

સાધના : પરંતુ વિ.સં. ૨૦૪૬ વૈશાખ વદ ત્રીજે આ ભરતક્ષેત્રમાં જીવોનાં પુણ્ય ખૂટ્યાં અને ભાવિના ગણધર એવા પૂજ્ય ભગવતી માતાનો વિરહ પડ્યો... તેમણે ચીર વિહાર કર્યો. આ દિવસે માનો મુમુક્ષુઓ ઉપર આભ જ તૂટી પડ્યું અને સૌ મુમુક્ષુઓનાં હૃદયમાં એક જ ભાવ હતો...

**ભક્તિ**

(રાગ : ગુરુ તારો સાંભરશે સથવારો)

માતા તારી વિદાય છે દુઃખકારી, માતા તારો વિહાર છે દુઃખકાર....
માતા તારી વિદાય છે દુઃખકારી....

દર્શન-વાણી મળે નવ તારા, ન મળે જ્ઞાન-વૈરાગ્યની ધારા,

માતા તારી વિદાય છે દુઃખકારી, માતા તારી વિદાય છે દુઃખકારી...

❋ ❋ ❋

સાધના : હે વૈરાગ્ય ને જ્ઞાન ! તેઓશ્રીનાં ઉપકારની વાતો તમને કેટલી કહું ? જેટલી વાતો કરીએ તેટલી ઓછી છે, પણ આજના દિવસે આપણે એવી પ્રતિજ્ઞા કરીએ કે... તેઓશ્રીનાં પાવન જીવનમાંથી બોધ લઈને આપણે સૌ સમ્યગ્દર્શન ત્વરાથી પ્રાપ્ત કરીએ....

સ્વાનુભૂતિબોધદાતા અનુભવી સંત કહાન ગુરુદેવનો જય હો...

ચૈતન્યદેવનાં પ્રત્યક્ષ દર્શન પ્રાપ્ત પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો....

❋ ❋ ❋

(અનુસંધાન પેજ નં. ૨૪ થી ચાલુ) (છઢાળા પ્રવચન)

નથી રહેતું. જોકે મુનિપણારૂપ ચારિત્રદશા વખતે દિગંબર જ શરીર હોય પણ ચારિત્ર કાંઈ તે શરીરમાં નથી રહેતું, ચારિત્ર તો આત્મામાં જ રહે છે. આત્મસ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. પણ દેહથી ભિન્ન આત્મા શું છે—તેની જેને ખબર નથી, દેહની ક્રિયા કઈ ને આત્માની ક્રિયા કઈ તેનું જેને ભાન નથી, એને ચારિત્ર કેવું? કદાચ તે શુભરાગ કરે પણ તે કાંઈ ધર્મ નથી, તે ચારિત્ર નથી. ધર્મ અને ચારિત્ર તે તો ચૈતન્યની શ્રદ્ધા કરીને તેમાં ઠરવું તે છે. તેના વગર ગમે તેટલા કાયક્લેશ કરે તોપણ આત્માની પુષ્ટિ તેમાં નથી; દેહની ક્ષીણતા તે મારી ક્રિયા છે એવી મિથ્યા જડબુદ્ધિથી તો આત્માના ગુણની દશા ક્ષીણ થાય છે—કષાય તો ક્ષીણ થતા નથી. દેહની ક્ષીણતાથી એને શું લાભ?

(ક્રમશઃ) ❋

● આ લોક વિષે જે સુખી છે, તે પરલોકમાં પણ સુખને જ પ્રાપ્ત થાય છે. તથા આ લોક વિષે જે દુઃખી છે તે પરલોકમાં પણ દુઃખને જ પ્રાપ્ત થાય છે. સર્વ પરવસ્તુના ગ્રહણનો ત્યાગ એ જ વાસ્તવિક સુખનું કારણ છે અને પરવસ્તુનું કિંચિત્ માત્ર પણ ગ્રહણ તે જ દુઃખ છે.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૮૭)

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.

પરમાગમ શ્રી નિયમસાર

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૫, ગાથા - ૩૧)

## નિજ ઉપકારમાં લાગી જા

આ શ્રી ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે, તેની ૩૦મી ગાથા ચાલે છે.

ધર્મી જીવ પોતાના અતીન્દ્રિય આનંદસ્વરૂપ શુદ્ધ આત્માની પ્રતીતિ-જ્ઞાન અને અનુભવને કારણે હવે તે પરપદાર્થના ભોગવટામાં રુચિ કરતા નથી. ધર્મી એમ વિચારે છે કે અનંતકાળમાં ભોગ તો મેં અનંતવાર ભોગવ્યા. અજ્ઞાનદશામાં મારી ચીજને ભૂલીને મેં દાળ-ભાત-લાડુ આદિ તથા સ્ત્રીના ભોગ ભોગવ્યા અને છોડ્યા. પણ હવે નિજ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યનું ભાન થતાં અનંતકાળમાં ભોગવીને છોડેલા ઉચ્છિષ્ટ ભોગોમાં હવે મને રુચિ નથી.

હવે અહીં ૩૧મી ગાથાના મથાળામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે જીવ દ્વારા પુદ્ગલ કર્મ કેમ અને કેવી રીતે બંધાઈ જાય છે ? તેનો ઉત્તર પૂજ્યપાદસ્વામી ૩૧મી ગાથામાં આપે છે.

कर्म कर्महिताबन्धि जीवो जीवहितस्पृहः ।
स्व-स्वप्रभावभूयस्त्वे स्वार्थं को वा न वाञ्छति ।।३१।।

કર્મ કર્મનું હિત ચહે, જીવ જીવનો સ્વાર્થ,
સ્વ પ્રભાવની વૃદ્ધિમાં, કોણ ન ચાહે સ્વાર્થ ? ૩૧.

‘કર્મ કર્મનું હિત ચહે છે’ એટલે અજ્ઞાની જીવ કર્મના ઉદયને વશ થઈને પોતાના શુદ્ધ, પૂર્ણ સ્વરૂપની સાવધાની-આદર છોડીને કર્મના નિમિત્તનો આદર-સત્કાર કરે છે અને તેમાં રાગ-દ્વેષ કરે છે. તેને ખરેખર અજ્ઞાની કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે. કેમકે અજ્ઞાનીના રાગ-દ્વેષથી કર્મ બંધાય છે. તેથી કર્મનું હિત થાય છે. કર્મ તો જડ છે તે શું હિત ચાહે ! પણ ભાષા એવી મૂકી છે કે કર્મનો જે આદર કરે છે તેને કર્મ બંધાય છે અને કર્મની વૃદ્ધિ થાય છે તો કર્મનું તેમાં હિત થાય છે.

ભગવાન આત્મા શુદ્ધ પૂર્ણાનંદ નિર્વાણનાથ પરમાત્મા છે. તેને પ્રભુ ! તું દૂર ન દેખ ! તારી સમીપ જ છે. પોતાના પરમેશ્વરની ઈશ્વરતા ન જોતાં જે પરમાં ઈશ્વરતા માને

**જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,**
**તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.**

છે તે તો કર્મનું હિત કરે છે અને પોતાનું અહિત કરે છે.

હું કોણ છું, ક્યાંથી થયો છું, મારું સ્વરૂપ શું છે એમ પોતાના અસ્તિત્વનું જેને ભાન નથી તે પરમાં તો ક્યાંક પોતાનું અસ્તિત્વ માને જ છે. કર્મમાં નિમિત્તના સંગે જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ થાય તે જ મારા છે. એમ માનીને અજ્ઞાની પોતાનું હિત છોડીને કર્મનું હિત કરે છે એટલે કે કર્મ બાંધે છે. અજ્ઞાનીને કર્મના ઉદયે મળતા સંયોગોમાં મોહ છે તેથી નવા કર્મ બાંધે છે તેથી તે કર્મનો ઉપકાર કરે છે એમ કહેવાય છે.

ચૈતન્ય પરમેશ્વરનો સ્વભાવ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' છે, તે સ્વરૂપનો સત્કાર આશ્રય, અવલંબન, સાવધાની છોડી કર્મના ઉદયમાં સત્કાર, આશ્રય, અવલંબન સાવધાની કરે છે તે અજ્ઞાની કર્મનું હિત કરે છે અને જ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવનો આદર-સત્કાર, અવલંબન કરીને પોતાનું હિત કરે છે.

ભગવાન આત્મા અજ્ઞાનવશ રાગ-દ્વેષ કરે છે તેનું નિમિત્ત પામી કર્મના પુદ્‌ગલ સ્વયં પોતાની મેળે આવીને બંધાઈ જાય છે અને જૂના કર્મના ઉદયના નિમિત્તે જીવ સ્વયં વિકારી ભાવરૂપે પરિણમે છે. આમ, આત્માના મોહ અને વિકારનું નિમિત્ત પામીને પૌદ્‌ગલિક કર્મ એની મેળે બંધાઈ જાય છે અને પૌદ્‌ગલિક કર્મનું નિમિત્ત પામીને પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપે પરિણમીને પુણ્યમાં મીઠાશ, ભોગમાં સુખ, સ્ત્રીમાં મજા અને આબરૂમાં ઠીક છે એવી મિથ્યાભ્રમણા કરે છે. તે જીવના કરેલા જીવના ભાવ છે એટલે કે ચેતનાત્મક પરિણામ છે, તેમાં પૂર્વે કરેલા કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે.

અહીં ઉદાહરણ આપીને કહે છે કે જેનો પ્રભાવ વધી જાય તે બીજા ઉપર પોતાનો પ્રભાવ પાડીને શું કામ પોતાનો સ્વાર્થ ન સાધે ? સાધે જ. તેમ કર્મનો પ્રભાવ વધતાં કર્મ પોતાનું હિત કરે છે અને આત્માનો પ્રભાવ વધતાં આત્મા પોતાનું હિત કરે છે.

અજ્ઞાની જીવ મોહ અને અવિદ્યાના વશે પરનો ઉપકાર કર્યા કરે છે. શરીરનો ઉપકાર કરે, સ્ત્રી, પુત્ર, પરિવારનો ઉપકાર, દેશનો ઉપકાર કરે પણ તેમાં પોતાનો અપકાર થાય છે તે અજ્ઞાની જોતો નથી. તેથી અહીં કહ્યું કે કર્મ કર્મનું હિત કરે છે. કર્મ તો ખરેખર જડ છે. તે પોતાનું હિત ન ચહે પણ અજ્ઞાની કર્મના વશ થઈને કર્મનું હિત કરે છે.

જે પોતાના સ્વભાવની સાવધાની કરતો નથી તેને પરમાં સાવધાની થયા વગર

**પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,**
**છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.**

રહેતી નથી. ચૈતન્યમૂર્તિ જ્ઞાયક આત્માને છોડીને પુણ્ય અને રાગમાં પોતાનું હિત માનીને તેમાં સાવધાની કરે છે અને પુણ્યથી મળેલા સંયોગોથી પોતાને લાભ માને છે અને પાપથી મળેલા સંયોગોથી પોતાને પ્રતિકૂળ માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ છે.

બહારની પ્રતિકૂળતાથી જીવનું અહિત થતું હોય તો નરકમાં અનંતી પ્રતિકૂળતા વચ્ચે જીવનું હિત ક્યાંથી થાય ? સમ્યગ્દર્શન ક્યાંથી થાય ? સાતમી નરકની વેદના તો એવી છે કે કેવળી જાણે ને તે નારકી પોતે ભોગવે. જુવાન રાજકુમાર હોય, ખૂનખાર લડાઈ લડતો હોય અને મારું રાજ્ય ગમે તેમ કરીને પણ મેળવું એવા અભિમાનમાં લડતો લડતો મરીને સાતમી નરકમાં જાય. ત્યાં ઘોરવેદનાની વચ્ચે પણ એમ વિચાર આવે કે અરે ! આ વેદના ! આનાથી કાંઈ છૂટકારો ખરો કે નહિ ? એમ વિચાર કરતાં કરતાં એકદમ શરીર અને રાગથી ભિન્ન પોતાના આત્માનો અનુભવ કરી લે છે. તેમાં તેને બહારની પ્રતિકૂળતા નડતી નથી.

અહીં એક રાત પીડા થાય ત્યાં તો રાત બહુ લાંબી લાગે. પીડા સહન ન થાય તો નરકમાં તો તેના કરતાં પણ અનંતગણી પીડા છે. તેની વચ્ચે પણ ભેદજ્ઞાન થઈ શકે છે. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા આત્માને શું કરી શકે ?

પોતાની પરમેશ્વરતાનો સ્વીકાર ન કરતાં પરમાં અધિકાઈ માની છે તેથી જ જીવને દુઃખ વેઠવા પડે છે. આ જીવ અનંતવાર ત્યાગી થયો, મુનિ થયો પણ "મુનિવ્રત ધાર અનંત બેર ગ્રૈવેયક ઉપજાયો, પૈ નિજ આત્મજ્ઞાન બિન સુખ લેશ ન પાયો." આત્માના ભાન વિના એક અંશમાત્ર પણ આનંદ બહારમાં નથી અને આત્માનું ભાન કરે તો સાતમી નરકની પીડા વચ્ચે પણ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરી લે છે. દૌલતરામજી રચિત પદ્યમાં આવે છે ને ! "બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી" અને મિથ્યાદૃષ્ટિ કરોડપતિ હોય, આબરૂદાર હોય, પણ અંદરમાં હોળી સળગતી હોય માટે કહે છે કે ભાઈ ! સંયોગ સુખદુઃખનું કારણ નથી.

અહીં કહે છે ક્યારેક જીવ બળવાન હોય છે અને ક્યારેક કર્મ બળવાન હોય છે. તેનો અર્થ એવો છે કે ક્યારેક જીવ પોતાની શક્તિનું બહુમાન છોડી કર્મના ઉદયે થયેલા પુણ્ય-પાપભાવને બહુમાન આપે છે તેમાં ખરેખર કર્મનું બહુમાન થાય છે તેથી કર્મ બળવાન છે એમ કહેવાય અને ક્યારેક જીવ પોતાના પુરુષાર્થથી રણકાર મારતો સ્વભાવની જાગૃતિ કરી કેવળજ્ઞાન લેવાની તૈયારી કરે તે જીવનું બળવાનપણું છે. તેમાં આત્માનું હિત થાય છે. (ક્રમશઃ) ❋



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સમ્યગ્દષ્ટિનું બધુંય જ્ઞાન સમ્યક્ છે
## તે મોક્ષમાર્ગરૂપ નિજપ્રયોજનને સાધે છે

''વળી એવા સમ્યક્ત્વ થતાંની સાથે, જે જ્ઞાન (પૂર્વે) પાંચ ઇન્દ્રિય તથા છઠ્ઠા મનદ્વારા ક્ષયોપશમરૂપ મિથ્યાત્વદશામાં કુમતિ–કુશ્રુતરૂપ થઈ રહ્યું હતું તે જ જ્ઞાન હવે મતિ–શ્રુતરૂપ સમ્યગ્જ્ઞાન થયું. સમ્યગ્દષ્ટિ જે કાંઈ જાણે તે સર્વ જાણવું સમ્યગ્જ્ઞાનરૂપ છે. એ (સમ્યગ્દષ્ટિ) જો કદાચિત્ ઘટપટાદિ પદાર્થોને અયથાર્થ પણ જાણે તો તે આવરણજનિત ઉદયનો અજ્ઞાનભાવ છે; અને ક્ષયોપશમરૂપ પ્રગટ જ્ઞાન છે તે તો સર્વ સમ્યગ્જ્ઞાન જ છે, કેમ કે જાણવામાં પદાર્થોને વિપરીતરૂપે સાધતું નથી.''

(મો. મા. પ્ર. પાનું ૩૪૩–૩૪૪)

જુઓ, સમકિતીનું સમ્યગ્જ્ઞાન. જ્યાં શુદ્ધાત્મશ્રદ્ધાનરૂપ નિશ્ચયસમ્યક્ત્વ થયું ત્યાં બધું જ્ઞાન પણ સ્વ-પરની ભિન્નતાને યથાર્થ સાધતું થકું સમ્યક્રૂપ પરિણમ્યું, એટલે જ્ઞાનીનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન થયું. કદાચિત્ ક્ષયોપશમદોષથી બહારના અપ્રયોજનભૂત કોઈ પદાર્થો (ઘટ-પટ, દોરી વગેરે) અયથાર્થ જણાઈ જાય તોપણ તેથી કરીને મોક્ષમાર્ગરૂપ પ્રયોજન સાધવામાં કાંઈ વિપરીતતા થતી નથી; કેમ કે અંદરની પ્રયોજનરૂપ વસ્તુ જાણવામાં કાંઈ વિપરીતતા તેને થતી નથી; અંદરમાં રાગને જ્ઞાનરૂપ જાણે કે શુભરાગને મોક્ષમાર્ગરૂપ જાણે–એવી પ્રયોજનભૂત તત્ત્વોમાં વિપરીતતા જ્ઞાનને થતી નથી, પ્રયોજનભૂત તત્ત્વો સ્વભાવ–વિભાવની ભિન્નતા, સ્વ-પરની ભિન્નતા વગેરેને તો તેનું જ્ઞાન યથાર્થ જ સાધે છે, તેથી તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. અને અજ્ઞાની કદાચ દોરીને દોરી, સર્પને સર્પ, દાક્તરપણું, વકીલાત, જ્યોતિષ વગેરે અપ્રયોજનરૂપ તત્ત્વોને જાણે તોપણ સ્વપ્રયોજનને તેનું જ્ઞાન સાધતું નહિ હોવાથી તેનું બધુંય જાણપણું મિથ્યાજ્ઞાન છે, સ્વ–પરની ભિન્નતા કે કારણ–કાર્ય વગેરેમાં તેની ભૂલ હોય છે. અહા! અહીં તો કહે છે કે મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ આવે, તેમાં વિપરીતતા ન હોય, તે જ સમ્યગ્જ્ઞાન છે; અને ભલે બહારનું ગમે તેટલું જાણપણું હોય પણ મોક્ષમાર્ગને સાધવામાં જે જ્ઞાન કામ ન આવે, તેમાં જેને વિપરીતતા હોય, તે

**આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;**
**તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.**

મિથ્યાજ્ઞાન છે. જગતમાં સૌથી મૂળ પ્રયોજનરૂપ મુખ્ય વસ્તુ શુદ્ધાત્મા, એને જાણતાં સ્વ–પર બધાનું સમ્યગ્જ્ઞાન થયું. આથી શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે 'જેણે આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.' અને 'અનંતકાળથી જે જ્ઞાન ભવહેતુ થતું હતું તે જ્ઞાનને એક સમયમાત્રમાં જાત્યંતર કરી જેણે ભવનિવૃત્તિરૂપ કર્યું તે કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનને નમસ્કાર.' આવા સમ્યગ્દર્શન વગરનું બધુંય જ્ઞાન ને બધુંય આચરણ થોથાં છે.

જુઓ, આ સાધર્મી સાથેની ચર્ચા! બસો વરસ પહેલાં સાધર્મીઓના પ્રશ્નો આવેલ તેના પ્રેમપૂર્વક જવાબ પં. ટોડરમલ્લજીએ લખ્યા છે. નિશ્ચય સમ્યગ્દર્શન પ્રત્યક્ષ ને વ્યવહાર સમ્યગ્દર્શન પરોક્ષ–એમ છે કે નહિ? વગેરે પ્રશ્નોના જવાબમાં સમ્યગ્દર્શનની ને સ્વાનુભૂતિ વગેરેની અધ્યાત્મ રહસ્ય ભરેલી ચર્ચાઓ આમાં લખી છે તેથી આને 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી' કહેવાય છે. એમાં કહેશે કે સમ્યક્ત્વમાં કાંઈ પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ નથી; પ્રત્યક્ષ અને પરોક્ષ એવા ભેદ તો જ્ઞાનમાં પડે છે. સમ્યક્ત્વ તો શુદ્ધાત્માની પ્રતીતરૂપ નિર્વિકલ્પ છે. જ્ઞાનનો ઉપયોગ સમકિતીને સ્વમાં હો કે પરમાં હો ત્યારે પણ સમ્યક્ત્વ એવું ને એવું જ વર્તે છે.

અહીં તો કહે છે કે સમકિતી કદાચિત્ દોરડીને સર્પ સમજી જાય ઈત્યાદિ પ્રકારે બહારના અપ્રયોજનરૂપ પદાર્થમાં અન્યથા જણાઈ જાય, તોપણ તેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે, કેમ કે એમાં કાંઈ જ્ઞાનના સમ્યક્પણાની ભૂલ નથી, પરંતુ એ તો તે પ્રકારના ક્ષયોપશમનો અભાવ છે; જ્ઞાનાવરણના ઉદયજન્ય અજ્ઞાનભાવ જે બારમા ગુણસ્થાન સુધી હોય છે તે અપેક્ષાએ તેને 'અજ્ઞાન' ભલે કહેવાય, પરંતુ મોક્ષમાર્ગ સાધવા કે ન સાધવાની અપેક્ષાએ જે સમ્યગ્જ્ઞાન ને મિથ્યાજ્ઞાન કહેવાય છે, તેમાં તો સમકિતીને બધું સમ્યગ્જ્ઞાન જ છે, તેને મિથ્યાજ્ઞાન નથી. તેણે દોરડીને દોરડી ન જાણતાં સર્પની કલ્પના થઈ ગઈ તો તેથી કરીને કાંઈ તેના જ્ઞાનમાં સ્વ–પરની એકત્વબુદ્ધિ કે રાગાદિ પરભવમાં તન્મયબુદ્ધિ થઈ જતી નથી, એટલે તેનું જ્ઞાન મિથ્યા થતું નથી; તે વખતેય ભેદજ્ઞાન તો યથાર્થપણે વર્તી જ રહ્યું છે, તેથી તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે. લોકોને બહારના જાણપણાનો જેટલો મહિમા છે એટલો અંદરના ભેદવિજ્ઞાનનો મહિમા નથી. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન ક્ષણેક્ષણે અંદરમાં શું કામ કરે છે તેની લોકોને ખબર નથી. પ્રતિક્ષણે અંદરમાં સ્વભાવ ને પરભાવની વહેંચણીનું અપૂર્વ કાર્ય એના જ્ઞાનમાં થઈ જ રહ્યું છે. એ જ્ઞાન પોતે રાગથી જુદું પડીને સ્વભાવની જાતનું થઈ ગયું છે, એ તો કેવળજ્ઞાનનો

> આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
> તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

કટકો છે. આગળ એને 'કેવળજ્ઞાનનો અંશ' કહેશે. એ જ્ઞાન ઈન્દ્રિય–મનદ્વારા નથી થયું પણ આત્મા દ્વારા થયું છે.

જ્ઞાનીને પોતાના જ્ઞાનની સમસ્ત પરભાવોથી તદ્દન ભિન્નતા અનુભવમાં આવી છે એટલે પહેલાં અજ્ઞાન દશામાં રાગમાં ને ઈન્દ્રિયોમાં તન્મય થઈને જે જ્ઞાન કામ કરતું તે જ્ઞાન હવે પોતાના સ્વભાવમાં જ તન્મય રહીને કાર્ય કરે છે. મારું જ્ઞાન તો સદાય જ્ઞાનરૂપ જ રહે છે, રાગરૂપ મારું જ્ઞાન થતું નથી, એમ જ્ઞાનને જ્ઞાનપણે જ રાખતો તે સદાય ભેદજ્ઞાનરૂપે, સમ્યગ્જ્ઞાનરૂપે પરિણમે છે; આ રીતે તેનું બધુંય જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ છે–એમ જાણવું. એક જીવ ઘણાં શાસ્ત્રો ભણેલો હોય ને મોટો ત્યાગી થઈને હજારો જીવોથી પૂજાતો હોય, પણ જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ ન હોય તો એનું બધુંય જાણપણું મિથ્યા છે; બીજો જીવ નાનું દેડકું, માછલું, સર્પ, સિંહ કે બાળક દશામાં હોય, શાસ્ત્રના શબ્દો વાંચતાં આવડતાં ન હોય છતાં જો શુદ્ધાત્માના શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વથી સહિત છે તો એનું બધુંય જ્ઞાન સમ્યક્ છે, ને એ મોક્ષના પંથે છે; બધાંય શાસ્ત્રોના રહસ્યરૂપ અંદરનું સ્વભાવ–પરભાવનું ભેદજ્ઞાન તેણે સ્વાનુભવથી જાણી લીધું છે. અંદરમાં જે બાહ્ય તરફની શુભ કે અશુભ લાગણીઓ ઊઠે છે તે હું નથી, તેના વેદનમાં મારી શાંતિ નથી, હું તો જ્ઞાનાનંદ છું–કે જેના વેદનમાં મને શાંતિ અનુભવાય છે,–આમ અંતરના વેદનમાં તે સમકિતીને ભેદજ્ઞાન તથા શુદ્ધાત્મપ્રતીતિ વર્તે છે. શુદ્ધાત્માથી વિરુદ્ધ કોઈ ભાવમાં તેને કદી આત્મબુદ્ધિ થતી નથી. જ્યારથી સમ્યગ્દર્શન થયું ત્યારથી જ્ઞાન આ રીતે રાગથી જુદું કામ કરવા માંડ્યું, માટે સમ્યગ્દૃષ્ટિ જે કાંઈ જાણે તે બધું સમ્યગ્જ્ઞાન છે એમ કહ્યું. જ્ઞાનનો ઉઘાડ થોડો હોય કે ઝાઝો એના ઉપર કાઈ સમ્યક્–મિથ્યાપણાનું માપ નથી, પણ એ જ્ઞાન કઈ તરફ કાર્ય કરે છે, શેમાં તન્મયપણે વર્તે છે એના ઉપર તેના સમ્યક્–મિથ્યાપણાનું માપ છે. જો સ્વભાવમાં તન્મય વર્તતું હોય તો સમ્યક્ છે, પરભાવમાં તન્મય વર્તતું હોય તો મિથ્યા છે. જ્ઞાનીનો ઉપયોગ પરને જાણવામાં વર્તતો હોય તેથી એમ ન સમજવું કે ત્યારે તેનો ઉપયોગ પરમાં તન્મય થઈ ગયો છે; એ વખતેય અંતરના ભાનમાં ઉપયોગ પરથી છૂટો ને છૂટો વર્તે છે. સ્વમાં તન્મયતાની બુદ્ધિ એ વખતેય એને છૂટી નથી. આ તો જ્ઞાનીના અંતરની અલૌકિક વસ્તુ છે, એનાં માપ બહારથી સમજાઈ જાય તેવા નથી. શુભ–અશુભ પરિણામ દ્વારા પણ એનાં માપ નીકળે એવા નથી. અંતર્દૃષ્ટિ શું કામ કરે છે એનું માપ અંતર્દૃષ્ટિથી જ સમજાય તેવું છે. (ક્રમશઃ) ❊

આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

કર્મ અજીવ છે. તેનાથી રાગ થયો માને તો નવ તત્ત્વ રહેતાં નથી. તેનું જ્ઞાન મિથ્યા છે તેમ જ તેણે એકને પણ યથાર્થ માન્યા નથી. અહીં તો નવે તત્ત્વો છે એમ સાબિત કરવું છે. **સંવરપર્યાય જીવદ્રવ્યમાંથી આવ્યો છે—એમ પણ અહીં કહેવું નથી. જીવ અને સંવરને અહીં જુદાં જુદાં તત્ત્વો કહેલાં છે. સંવર પણ 'છે' એમ કહેવું 'છે' જીવ પણ 'છે' એમ કહેવું છે, કોઈને લીધે કોઈ નથી.**

મુનિની દશામાં ત્રણ કષાય ટળે છે, તે સંવરદશામાં રાગ ઘણો મંદ થઈ જાય છે, તેને વસ્ત્ર-પાત્ર હોતાં નથી—એમ માનવું જોઈએ. આધાકર્મી કે ઉદ્દેશિક આહાર મુનિને હોય એમ જે માને તેને નવે તત્ત્વની ભૂલ છે. ઉદ્દેશિક આહાર લેવાનો તીવ્ર રાગ આવવા છતાં તેને છઠ્ઠી ભૂમિકાનો મંદ રાગ માન્યો તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

વળી મુનિને નિર્દોષ આહાર જ હોય, છતાં ઉદ્દેશિક આહાર માને તે અજીવમાં ભૂલ છે. વળી મુનિદશામાં ઘણો મંદ રાગ બાકી રહ્યો છે ને અકષાયી દશા થઈ છે એમ પણ તેણે યથાર્થ ન માન્યું તે સંવર-નિર્જરામાં ભૂલ છે. વળી શુદ્ધ જીવતત્ત્વને પણ ન માન્યો. ઉદ્દેશિક આહારનો તીવ્ર રાગ માન્યો તેથી નિમિત્તરૂપે તીવ્રકર્મનો ઉદય માન્યો પણ ખરેખર તો કર્મનો મંદ ઉદય છે. માટે તેની અજીવતત્ત્વમાં ભૂલ છે—વગેરે પ્રકારે નવેમાં ભૂલ આવે છે.

કર્મને લીધે રાગ થાય છે એમ જેણે માન્યું તેણે ભૂતકાળમાં પણ અનંતા જીવોને કર્મથી રાગ થયો માન્યો—એમ ત્રણે કાળમાં નવતત્ત્વનો ખીચડો કરે છે. ઈચ્છાદિથી શરીર ચાલે છે એમ માનનાર ત્રણે કાળના તત્ત્વનો ખીચડો કરે છે. છઠ્ઠા ગુણસ્થાને ૨૮ મૂળગુણનો વિકલ્પ તે આસ્રવતત્ત્વ છે. તે છે તો સંવરતત્ત્વ ટકી રહ્યું છે એમ માને તો મોટી ભૂલ છે. સંવરતત્ત્વ ભિન્ન છે. આમ અજ્ઞાની ત્રણે કાળના તત્ત્વોમાં ભૂલ કરે છે.

એક તત્ત્વને મિશ્ર કરે તો ત્રણેમાં ભૂલ થાય છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં ભૂલ કરનાર નવેમાં ભૂલ કરે છે. જડકર્મની પર્યાય સ્વતંત્ર છે. નૈમિત્તિકદશા આત્મામાં થાય

**જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;**
**જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.**

તે પણ સ્વતંત્ર છે. સંવર-નિર્જરા અપૂર્ણ શુદ્ધ પર્યાય છે. મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે. આસ્રવ-બંધ મલિન પર્યાય છે,—એમ ન માનતાં પુણ્યકર્મ બાંધશું તો ભગવાન પાસે જઈશું ને ત્યાં ધર્મ પામશું એમ અજ્ઞાની માને છે. દ્રવ્યપુણ્ય અજીવતત્ત્વ છે. પુણ્યરૂપી અજીવતત્ત્વથી શરીર (બીજું અજીવ) ભગવાન પાસે જતું નથી. વળી વાણી અજીવતત્ત્વ છે. તેનાથી સમ્યગ્દર્શન માને તે જીવ-અજીવ તથા સંવરને એક માને છે. રાગથી પૈસો મળે એમ માને તો પાપ ને અજીવ એક થઈ જાય. રાગથી સુખ માને તો પાપ ને સંવર એક થઈ જાય. એક તત્ત્વમાં ભૂલ કરે તેની નવેમાં ભૂલ થાય છે. નવે પદાર્થ સત્ છે માટે કોઈ કોઈનો આશ્રય લેતું નથી. જીવ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ પરમાત્મા છે. વિકારથી અવિકારીદશા પ્રગટે એમ માને તો તે નવ પદાર્થોને માનતો નથી. આત્મામાં જે પર્યાય પ્રગટ થાય તે તેનો સ્વકાળ છે,—તેમ જાણવું. પૈસા અજીવ છે. તેને લીધે આકુળતારહિત ધર્મ થઈ શકે એમ માનનાર મૂઢ છે. હું છું તો દુકાનની વ્યવસ્થા ચાલે છે એમ માનનાર મૂઢ છે. જીવે રાગ કર્યો માટે કર્મ બંધાયું તે વાત ખોટી છે. કર્મ અજીવતત્ત્વ છે. રાગ આસ્રવતત્ત્વ છે. એકબીજાને પરાધીન નથી. આમ વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ.

મુનિપણાની જે પર્યાય છે તેથી વિપરીત જાણે તો જ્ઞાન ખોટું છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની પર્યાય જેમ છે તેમ જ્ઞાન જાણે, નવ પદાર્થમાં નવેને પૃથક્ જાણે તો યથાર્થ છે. કર્મ આદિ પદાર્થ અજીવ છે. તેવા અનંતા અજીવ છે. એક અજીવથી બીજો અજીવ પદાર્થ ચાલે તો અનંતા અજીવ રહેતા નથી. સ્વતંત્ર પદાર્થો માને તો અજીવને યથાર્થ માન્યા કહેવાય— આમ નવેને જેમ છે તેમ જાણવા જોઈએ.

વળી જીવ શુદ્ધ કારણપરમાત્મારૂપ છે ને તેની પર્યાયમાં થતાં રાગદ્વેષ તે આસ્રવતત્ત્વ છે. જીવ ને આસ્રવ બંને ભિન્ન પદાર્થ છે. વળી કર્મનું જોર છે માટે રાગદ્વેષ થાય છે એમ પણ નથી. આમ જીવ, અજીવ, આસ્રવ વગેરેને પૃથક્પણે જ્ઞાન જાણે છે.

કર્મનું જોર છે માટે પુરુષાર્થ થઈ શકતો નથી. એમ માનનાર પદાર્થોને સ્વતંત્ર માનતો નથી. જીવ સ્વતંત્ર, વિકાર સ્વતંત્ર ને કર્મ સ્વતંત્ર છે—એમ તે માનતો નથી.

ધર્માસ્તિકાય અજીવ છે, તેને લીધે જીવની ગતિ થતી નથી. જીવમાં ક્રિયાવતી નામની શક્તિ છે. તેને લીધે ક્ષેત્રાંતર થાય છે તે ધર્માસ્તિકાયથી થતું નથી. કાળને લીધે પદાર્થોમાં પરિણમન માનવાથી ને અધર્મદ્રવ્યને લીધે જીવ સ્થિર થાય છે—એમ

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;<br>
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

માનવાથી નવ તત્ત્વ રહેતાં નથી. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અજીવ છે, તેને સ્વતંત્ર માનવા જોઈએ ત્રણે કાળના પદાર્થોને સ્વતંત્ર માનવા જોઈએ.

વળી ત્રણ કાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જ્ઞાન જાણે. ગુણને પર્યાય ન જાણે, દ્રવ્યને ગુણ ન જાણે, એક ગુણ આખો પર્યાયમાં આવી જતો નથી. ભૂતપર્યાયને લીધે સ્વતંત્ર પર્યાય થતી નથી ને વર્તમાન પર્યાયને લીધે ભવિષ્યની પર્યાય થતી નથી. મોક્ષમાર્ગની પર્યાયને લીધે મોક્ષ થયો માને તો મોક્ષમાર્ગ જે સંવર-નિર્જરા છે ને મોક્ષ જે મોક્ષતત્ત્વ છે—એ બંને એક થઈ જતાં નવ પદાર્થો પૃથક્ રહેતા નથી. એક પર્યાયને લીધે બીજી પર્યાય માને તો ત્રણ કાળની પર્યાય ભિન્ન ભિન્ન રહેતી નથી. પર્યાયનો નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન થયું માટે ચારિત્ર થયું? ના. દરેક ગુણ ભિન્ન છે, પર્યાય ભિન્ન ભિન્ન છે—એમ જ્ઞાન જાણે.

દરેક સમયના ઉત્પાદને ઉત્પાદ, વ્યયને વ્યય અને ધ્રુવને ધ્રુવ જાણે. વ્યય કારણ ને ઉત્પાદ કાર્ય એ અહીં લેવું નથી. વ્યયથી ઉત્પાદ કહો તો વ્યય ને ઉત્પાદ રહેતા નથી. ધ્રુવથી ઉત્પાદ કહો તો ધ્રુવ ને ઉત્પાદ રહેતા નથી. દરેકને જુદાં જુદાં જ્ઞાન જાણે.

આમ જ્ઞેયની વાત આગમમાં લખી છે. ષટ્ખંડ આગમમાં ને સમયસારાદિમાં આ વાત કહી છે. ज्ञातुं योग्यं ज्ञेय = જ્ઞાનમાં જણાવાયોગ્ય તેને જ્ઞેય કહીએ છીએ.

જ્ઞેય સામાન્ય પ્રકારે એક છે. હવે બે ભેદ પાડે છે—આત્મા સિવાય બીજા પદાર્થો જ્ઞેય છે એમ જ્ઞાન જાણે છે. જેમ છે તેમ જ્ઞાન જાણે. પરને પર તરીકે જાણે પણ પરનો અનુભવ ન હોય. નિજ જ્ઞેયને જાણવું, સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી પરની ઉપેક્ષા કરી સ્વની અપેક્ષા કરી સ્વનો અનુભવ કરવો એ ફળ છે. બીજા જીવો, પુદ્ગલ, ધર્મ વગેરે પદાર્થોને જેમ છે તેમ જ્ઞાન જાણે— સ્વને જાણીને સ્વનો અનુભવ કરે. પરનું જ્ઞાન હોય છે પણ પરનો અનુભવ હોતો નથી, સ્વનો જ્ઞાન સહિત અનુભવ હોય છે. લોકાલોકનું જ્ઞાન પોતામાં થાય છે પણ લોકાલોક પોતામાં પેસી જતા નથી. (ક્રમશઃ) ❋

❋ (આત્મા) વસ્તુ જે જ્ઞાનાનંદ સહજાનંદ પ્રભુ એવું જેને જ્ઞાન થયું તેને આત્મા ભાસે છે. તેને રાગનું થવું ભાસતું નથી એટલે કે રાગ મારો છે તેમ તેને ભાસતું નથી. રાગ સંબંધી જે પોતાનું જ્ઞાન તે જ્ઞાનનું થવું ભાસે છે. પોતાનું જ્ઞાન ને રાગનું જ્ઞાન તે જ્ઞાનપણે ભાસે છે પણ વિકારપણે ભાસતું નથી.

**પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,**
**તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.**



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)
(પ્રવચન બીજું)

જે કોઈ જીવ ભગવાને કહેલા આત્મસ્વરૂપની ઓળખાણ ન કરે અને મારો સ્વભાવ નિઃશંક, ભવના ભાવ વિનાનો અને ભવ વિનાનો છે એવો નિર્ણય ન કરે ત્યાં સુધી, તે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, તપ, દાન વગેરે બધું કરે તો પણ તેમાં પુણ્ય છે, ધર્મ નથી. ભગવાને કહેલા પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા ન કરે તે મિથ્યાદૃષ્ટિ અધર્મી છે.

ગ્રંથકાર ભલામણ કરે છે કે તમે મહાભાગ્યે આ મનુષ્યદેહ પામ્યા છો, તો વીતરાગે કહેલા સર્વધર્મનું (આત્માના બધા ધર્મનું) પહેલું મૂળ સમ્યગ્દર્શન, તેનું મૂળ તત્ત્વનિર્ણય અને તત્ત્વનિર્ણયનું મૂળ શાસ્ત્રાભ્યાસ જરૂર કરવા યોગ્ય છે. વ્રત-તપની વૃત્તિ ઉઠે તે પણ જેનું સ્વરૂપ નથી એવું તત્ત્વ શું છે? એમ તેનો નિર્ણય કરવા માટે શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ. તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિના પાટે બેસનાર કહે છે કે ભગવાને ભારે તપસ્યા કરી, અન્ન કરીને અન્ન ખાધું નહિ, પાણી કરીને પાણી પીધું નહિ, નિદ્રા સુખે લીધી નહિ અને ભારે કષ્ટ વેઠ્યાં! ત્યાં સાંભળનારા કહે 'જી મા'રાજ'. પણ એલા! શું તપસ્યામાં તે ભગવાનને દુઃખ હતું? ધર્મ તે કષ્ટદાયી હોય? ભગવાનનું અંતરસ્વરૂપ તો તમે જાણ્યું નથી, તો તેમના સ્વરૂપની ખબર શી રીતે પડી? એ ભગવાન તો તત્ત્વના અનુભવની લહેરમાં હતા, સ્વરૂપના અપૂર્વ આનંદમાં લીન હતા ને અંતરસ્વરૂપની લીનતામાં આહાર વગેરે સહેજે છૂટી ગયા હતા. ભગવાનનું અંતરસ્વરૂપ સમજે નહિ અને પાટે બેસનારા જે બોલે તેની હા એ હા કરે એ પાત્ર જીવને ન શોભે! આનંદ શ્રાવકે ભગવાન પાસે અગિયાર પડિમા લીધી એટલે બીજે ભવે તેનો મોક્ષ થયો એમ તેઓ કહે છે, પણ પડિમા પાછળ અંતરમાં કાંઈ હતું કે નહીં? અંદર સમ્યગ્દર્શનનું જોર હતું, તેના જોરે મોક્ષ થયો છે.

અરે! આવો અવસર મળ્યો તેને જે વ્યર્થ ગુમાવે છે, તત્ત્વનિર્ણય કરતા નથી, તેના ઉપર બુદ્ધિમાન પુરુષો કરુણા કરીને કહે છે કે :—

**રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,**
**જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.**

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मनि ।
तां प्राप्य प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम् ।।९४।।

(આત્માનુશાસન)

આ જગતમાં બુદ્ધિ હોવી જ પ્રથમ તો દુર્લભ છે, અને તેમાં પણ પરલોકને માટે બુદ્ધિ થવી તે તો મહાન દુર્લભ છે. તું વાણિયો થયો છો તો બુદ્ધિ તો મળી છે, પણ વીતરાગે કહેલો યથાર્થ માર્ગ તેં હજી શ્રવણ કર્યો નથી. અહીં કહે છે કે ભાઈ! સાંભળ તો ખરો વીતરાગનો માર્ગ! આ માર્ગ અપૂર્વ છે, પૂર્વે કદી નહીં જાણેલો એવો છે. આ ટાણાં મળવા છતાં જે વ્યર્થ ગુમાવે છે તેના ઉપર જ્ઞાનીઓને કરુણા આવે છે.

સાચા જૈન કોને કહેવા? બધા ધર્મો સરખા છે એમ માનનારા તો વ્યવહારે પણ જૈન નથી. જૈનધર્મ તો આત્માનું સ્વરૂપ છે, વિશ્વદર્શન છે, ત્રણકાળ ત્રણલોકમાં ન ફરે એવું તેનું સ્વરૂપ છે. છ દ્રવ્યોને જાણ્યા (છ દ્રવ્યોમાં પોતાનો આત્મા પણ આવી જાય છે), રાગ-દ્વેષ ટાળ્યા અને પૂર્ણ સ્વરૂપને પામ્યા તેવા આત્માઓ જ સાચા જૈન છે. સાચા જૈની થવા માટે પ્રથમ તો આગમ દ્વારા તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ; પણ જે તત્ત્વનો નિર્ણય કરતો નથી અને ધજાની પૂંછડીની જેમ સામો જે કહે તેની હા જી હા કરે છે તેને તત્ત્વની ખબર નથી; તેથી તે તો વ્યવહારે પણ જૈન નથી. જે તત્ત્વનિર્ણય કરતો નથી અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ વગેરે બધાય કાર્યો કરે છે તો તેના એ બધાય કાર્યો અસત્ય છે. આ જ શાસ્ત્રમાં આગળ ૧૦૧મા પાને કહ્યું છે કે “જે (સર્વજ્ઞની) સત્તાનો નિશ્ચય તો કરતો નથી અને કુલપદ્ધતિથી, પંચાયતના આશ્રયથી વા મિથ્યાધર્મબુદ્ધિથી દર્શન—પૂજનાદિરૂપ પ્રવર્તે છે વા મત-પક્ષના હઠાગ્રહી-પણાથી બીજાઓને (અન્ય દેવાદિકને) ન પણ માને, માત્ર તેનો જ (પોતે માનેલા જિનદેવાદિકનો જ) સેવક બની રહ્યો છે તેને પણ નિયમથી પોતાના આત્મકલ્યાણરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી, તેથી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જ છે. કારણ કે જેનાથી સર્વજ્ઞની સત્તાનો જ નિશ્ચય નથી કરી શકાયો (તેનાથી) સ્વરૂપના નિશ્ચયાદિ તો કેવી રીતે થશે?” ભગવાન પાસે જઈને પૂજા, સ્તોત્ર વગેરે કરે પણ ભગવાન કોણ અને હું કોણ? એનો તો નિર્ણય ન મળે અને બચાવની ખાતર કહે કે આપણે તો પંચમકાળના અલ્પ-બુદ્ધિવાળા પ્રાણી, તેથી આપણાથી તત્ત્વનો નિર્ણય ન થઈ શકે, તો એ રીતે છૂટી શકાય નહિ; તત્ત્વમાં બીજું

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.**

ચાલે નહીં. સંસારના કામમાં તારી બુદ્ધિ ચાલે, ત્યાં પંચમકાળ ન નડે અને આ તત્ત્વનિર્ણયમાં તારી બુદ્ધિ ન ચાલે, એ તારી વાત જ ખોટી છે.

તત્ત્વના નિર્ણય વિના ત્યાગ કોનો કરશે? સમજવાનું છે તે સમજે નહિ અને ત્યાગ-વૈરાગ્યમાં રોકાણો, અર્થાત્ આત્માના ભાન વિના ત્યાગી થાય તોપણ ધર્મ નથી; અને વૈરાગ્ય (મંદ રાગ) તે પણ વસ્તુનું સ્વરૂપ નથી. વૈરાગ્ય (મંદ રાગ) તો પુણ્યભાવ છે, તેમાં ધર્મ નથી. સંયમ પાળે, પરિગ્રહ ઘટાડે, એકવાર રાંધે અને બે ટંક ચલાવે તેમાં પ્રવૃત્તિ ઓછી થઈ એમ માને, અમુક રૂપિયા કરતાં વધારે ખપે નહિ એમ સંતોષ માને, પણ આત્માના ભાન વિના વીતરાગના ત્રાજવે એના ત્યાગ, સંતોષ વગેરેની ધર્મમાં ગણતરી નથી. વીતરાગ માર્ગના નિર્ણય વગર ધર્મ થવો હરામ છે. આત્માના નિર્ણય વિના વ્રત, તપ, ભક્તિ, પૂજા વગેરે બધું કરે છતાં તેના બધા કાર્યો અસત્ છે. કેટલાક કહે છે કે હાય! હાય! અમારું બધું ખોટું? ભાઈ! આ તો ઊંધી માન્યતા ઉપર ધડાકા લાગે એવી વાત છે. જગત તો આટલું કરીને જાણે કે હવે તો મોક્ષ જ થઈ જવાનો, અને અહીં કહે છે કે સમ્યગ્દર્શન વગર એ બધું અસત્ છે. આત્મા શું છે તે સમજ્યા વિનાના વ્રત-તપ બધું એકડા વગરના મીંડાં છે.


પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એ હરામ છે. પુણ્ય કરશું તો દેવ થાશું અને પછી ભગવાન પાસે જઈને ધર્મ પામશું, માટે આપણે પુણ્ય કરી લ્યો, હમણાં સમજવાની જરૂર નથી—એમ માનનારા ધર્મ તો ન પામે, પરંતુ નીચે ઉતરતા જાય. આત્માના નિર્ણય વિના શુભભાવ કરી દેવતા થાય તે દેવ નથી, પણ ચૂલાનો દેવતા છે; પુણ્યથી લાભ માનીને એ પોતાના ગુણો બાળી રહ્યો છે.

આત્માના ભાન વગર દરેક જીવ સેકંડના અબજો રૂપિયાની પેદાશવાળો મોટો રાજા અનંતવાર થઈ આવ્યો; સ્વર્ગનો મોટો દેવ પણ અનંતવાર થઈ આવ્યો; એક કલ્પના માત્ર કરીને કરોડો દ્વારિકા નગરી, કરોડો કૃષ્ણ અને કરોડો ગોપીઓ ઊભાં કરી દે એવી વિક્રિયા લબ્ધિવાળો દેવ પણ થયો, પણ ભાઈ! આત્માના ભાન વગર તારો ઉદ્ધાર ન થયો, અને ચોરાસીના અવતારના અંત ન આવ્યા! (ક્રમશઃ) ❋

પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,
મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા ૧૩-૧૪)

## ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

પરમ સત્ય વીતરાગ માર્ગના પ્રકાશક સર્વજ્ઞ પરમાત્મા અત્યારે વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ બિરાજે છે. એક બે નહિ પણ લાખો સર્વજ્ઞભગવંતો ત્યાં બિરાજે છે. ત્યાં બહારમાં ગૃહીત મિથ્યાત્વની પ્રવૃત્તિ હોતી નથી, અન્યમતના મંદિરો હોતાં નથી; અંદર જીવોના અભિપ્રાયમાં વિપરીતતા હોય તે જુદી વાત છે, પણ બહારમાં જૈનમાર્ગથી વિરુદ્ધ માર્ગ ચાલે નહિ. અહીં તો સર્વજ્ઞના વિરહ, મુનિઓનો દુકાળ, વિરાધક જીવો ઘણા ને આરાધક જીવો કોઈક વિરલા, તેમાંય અત્યારે ધર્મના નામે કેટલીયે વિપરીતતા ચાલી રહી છે.... પાણીમાં આગ લાગે તેમ જૈનધર્મના નામે દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ ઘણી વિપરીતતા લોકોમાં ચાલે છે. તેમાંથી યથાર્થ માર્ગ શું છે તે સમજીને મુમુક્ષુ જીવે તેનું સેવન કરવું જોઈએ ને વિપરીતતાનું સેવન છોડવું જોઈએ.–પોતાનું હિત ચાહતા હોય તેઓ આમ કરો. પોતાના સાચા શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર વડે જ પોતાને લાભ છે.

દેવ-ગુરુ-ધર્મના સ્વરૂપમાં જેને ભૂલ હોય, અથવા બંધ-મોક્ષના કારણમાં જેની ભૂલ હોય, તેને મૂળભૂત ભૂલ છે; સર્વજ્ઞદશા, મુનિદશા વગેરે ઉત્કૃષ્ટદશા પ્રગટતાં કેવી શુદ્ધતા થાય, કેવા આસ્રવ-બંધ ટળી જાય, ને તેના નિમિત્તરૂપ બાહ્યદશા કેવી હોય તેની એને ઓળખાણ નથી ને વિપરીત મનાવે છે તેને ગૃહીત મિથ્યાત્વ છે. કેવળજ્ઞાન થતાં શરીર પણ દિવ્ય થઈ જાય, ને ત્યાં એવો અસાતાનો ઉદય ન હોય કે ભૂખ લાગે ને રોગ થાય ને ખાવું પડે! મુનિદશાની પવિત્રભૂમિકામાં એવો તીવ્ર કષાય ન હોય કે બે વાર ખાવું પડે કે લુગડાં પહેરવા પડે. ધર્મના જિજ્ઞાસુએ દરેક ભૂમિકાનું યથાર્થ સ્વરૂપ શાસ્ત્ર અનુસાર સમજવું જોઈએ કેમકે હિતના કારણરૂપ આવા મૂળભૂત તત્ત્વોમાં જેને ભૂલ હોય તે પોતાનું હિત સાધી શકે નહીં.

કેવળીદશામાં આહાર માનતાં, કે મુનિદશામાં વસ્ત્ર માનતાં નવે તત્ત્વોમાં ભૂલ

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!<br>તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

થાય છે. કેમકે તે પવિત્ર દશામાં આવા આસ્રવ-બંધ ન હોવા છતાં માન્યા, તે દશામાં જે સંવર-નિર્જરા છે તેને જાણ્યા નહિ; મોક્ષ થવા માટે કેટલી હદના સંવર-નિર્જરા હોય ને કેટલા આસ્રવ-બંધ છૂટી જાય—તે ન જાણતાં તેનાથી ઓછામાં મોક્ષ મનાવી દીધો, એટલે તેમાં પણ ભૂલ થઈ. જીવને અજીવની સાથે સંબંધની હદ કેટલી છે, ને જીવની શુદ્ધ પર્યાયમાં કષાયનો અભાવ થતાં અજીવ સાથેનો કેટલો સંબંધ છૂટી જાય-તે ન જાણ્યું એટલે જીવ-અજીવના જ્ઞાનમાં પણ ભૂલ થઈ. જેમકે વીતરાગજીવને અજીવ સાથે એવો સંબંધ ન હોય કે વસ્ત્ર અથવા ખોરાક હોય.—આ પ્રમાણે જેને કોઈ મૂળ તત્ત્વમાં વિપરીત માન્યતા છે તેને બધા તત્ત્વોમાં ભૂલ આવી જાય છે. માટે વીતરાગદેવે કહેલા સમયસારાદિ સત્ય શાસ્ત્ર અનુસાર યથાર્થ તત્ત્વોનો નિર્ણય કરીને અજ્ઞાન ટાળવું જોઈએ.

આ પ્રમાણે ગૃહીત મિથ્યાદર્શન ને ગૃહીત મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ બતાવીને તે ટાળવાનો ઉપદેશ આપ્યો. હવે ગૃહીત-મિથ્યાચારિત્ર શું છે તે કહે છે ને તે છોડવાનો ઉપદેશ આપે છે.

## ગૃહીત મિથ્યાચારિત્રનું સ્વરૂપ અને તે છોડવાનો ઉપદેશ

जो ख्याति लाभपूजादि चाह, धरि करन विविध विध देहदाह।
आत्म-अनात्मके ज्ञानहीन, जो जो करनी तत करन छीन ।।१४।।

જેમાં આત્મા—અનાત્માનું ભેદજ્ઞાન નથી, જેમાં ખ્યાતિ લાભ-પૂજાવું વગેરેની ચાહના છે, જે વિવિધ પ્રકારના દેહદાહરૂપ છે—શરીરને કષ્ટ અને પીડા આપવારૂપ અથવા ક્ષીણ કરવારૂપ છે—એવી અજ્ઞાનીની ક્રિયાઓ તે બધું મિથ્યાચારિત્ર છે,—એમ ઓળખીને તે છોડો, અને આત્મહિતના પંથમાં લાગો.

આ અન્યમતની જે મિથ્યા ક્રિયાઓ છે તેની વાત છે. અજ્ઞાનીપણે દ્રવ્યલિંગી થઈને પંચમહાવ્રતાદિ શુભક્રિયાઓ કરી તે અગૃહીત મિથ્યાચારિત્રમાં ગઈ. અહીં ગૃહીતની વાત ચાલે છે. જેને સાચા દેવ—ગુરુની ખબર નથી ને કુધર્મોને સેવે છે તેની ક્રિયાઓમાં ખ્યાતિની—પ્રસિદ્ધિની ભાવના પડી જ હોય; કેમકે અંદર ચૈતન્યની પ્રસિદ્ધિ તો થઈ નથી એટલે કોઈને કોઈ પ્રકારે બહારમાં પ્રસિદ્ધિ ઇચ્છે છે. ધર્મી તો જાણે છે કે અમારું કામ અમારા અંતરમાં થઈ જ રહ્યું છે, ત્યાં જગતમાં પ્રસિદ્ધિનું શું કામ છે? જગત જાણે કે ન જાણે તેની સાથે અંતરના અનુભવનો સંબંધ ક્યાં છે? એ જ રીતે

**નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,**
**ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.**

અજ્ઞાનીને અંતરમાં કષાયોને ક્ષીણ કરવાની તો ખબર નથી એટલે બહારમાં દેહની ક્ષીણતાને કે દેહના કષ્ટને તે ચારિત્ર સમજે છે. દેહની ક્રિયા તો અજીવ છે ને ચારિત્ર તો જીવની ક્રિયા છે,–આમ જીવ–અજીવની ભિન્નતાનું જેને ભાન નથી તેને સાચું ચારિત્ર કદી હોતું નથી–ભલે દેહને સૂકવી નાંખે પણ એને ધર્મનો કિંચિત્ લાભ થતો નથી. અજ્ઞાની કુદેવાદિને માનતો થકો ભલે રાગની જરાક મંદતા કરીને શુભભાવ કરે, તેમાં દેહની કૃશતા થાય પણ કષાયની કૃશતા થતી નથી, કષાયોની તો મિથ્યાત્વને લીધે પુષ્ટિ થાય છે. કષાયોથી ભિન્ન શાંતસ્વરૂપ આત્માને જાણ્યા વગર કષાયો ક્ષીણ થાય નહિ.—એના તપ તે કુતપ છે, એની ક્રિયાઓ તે ગૃહીત મિથ્યાચારિત્ર છે.—આમ જાણીને પોતામાં એવો ભાવ હોય તો તે છોડવો–એમ ઉપદેશ છે.

ભેદજ્ઞાન વગર ચારિત્ર હોતું નથી. સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને તેની ઉગ્ર ભાવના વડે સ્વમાં ઠરતાં ચારિત્ર થાય છે. નિયમસાર ગાથા-૮૨ માં કહે છે–જીવ અને કર્મની ભિન્નતા જાણીને, તેના ભેદના અભ્યાસ વડે જીવને મધ્યસ્થતા થાય છે અને તેથી તેને ચારિત્ર થાય છે. ગાથા ૧૦૬માં પણ કહે છે કે જીવ સદાય જીવ અને કર્મના ભેદનો (જુદાઈનો) અભ્યાસ કરે છે તે જ પચ્ચખ્ખાણ ધારવામાં સમર્થ થાય છે. આ રીતે ભેદજ્ઞાનનો અભ્યાસ તે જ ચારિત્રનું મૂળ છે.

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, અને અનાત્મા એટલે શરીર તથા રાગાદિ; તેમની ભિન્નતાને જે ઓળખતો નથી તેને આત્માની તો પ્રસિદ્ધિની ખબર નથી ને લૌકિક પ્રસિદ્ધિ ખાતર તપ વગેરે કરે છે, દેહને ક્ષીણ કરી નાંખું તો કલ્યાણ થશે–એમ દેહ સાથે એકત્વબુદ્ધિથી માને છે ને તેથી દેહને પીડા ઉપજાવવા જે તે પ્રકારની મિથ્યાક્રિયાઓ કરે છે પણ કષાયો કેમ અટકે તે તો જાણતો નથી, તેની બધી ક્રિયાઓ અજ્ઞાન ભરેલી છે, તે આત્માને લાભ કરનારી નથી, તે ક્રિયાને તો 'મોક્ષની કાતરણી' કહી છે; એની ક્રિયાઓમાં આત્માની શાંતિ નથી પણ દેહનો દાહ છે, અંદર કષાયનો મોહ છે ને બાહ્યમાં દેહનો દાહ છે. ચૈતન્યની શાંતિના અનુભવ વગર કષાયની બળતરા કેમ મટે? જેને અકષાયી શાંતિનું વેદન નથી તેને અંદર કષાયની બળતરા પડી જ છે.

જેમાં આત્માની વીતરાગતા પુષ્ટ થાય, આનંદ વધે ને કષાયો ક્ષીણ થાય તેને ચારિત્ર કહે છે; આ ચારિત્ર આત્માની દશામાં રહે છે, દેહની ક્રિયામાં આત્માનું ચારિત્ર

(જુઓ અનુસંધાન પેજ નં. ૯ ઉપર)

**સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,**
**અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.**

# શ્રી ગુરુ શું કરે ?

वीतरागं वीतरागं जीवस्य निजस्वस्वरूपो वीतरागं ।
मुहुर्मुह गुणनाति वीतरागं स गुरुपदं भासति सदा ।।

જીવનું પોતાનું નિજસ્વરૂપ વીતરાગ છે, વીતરાગ છે, વીતરાગ છે; જેઓ તે વીતરાગ સ્વરૂપનું વારંવાર કથન કરે છે તે જ સદા ગુરુપદે શોભે છે.

.... શ્રીગુરુ જ્ઞાનને સ્થિરિભૂત કરીને પોતાના આત્માને તો વીતરાગસ્વરૂપ અનુભવે છે; અને જ્યારે કોઈને ઉપદેશ પણ આપે છે ત્યારે અન્ય સર્વે દૂર કરીને એક જીવનું નિજસ્વરૂપ વીતરાગ છે તેનું જ વારંવાર કથન કરે છે. વીતરાગ સ્વરૂપ સિવાય બીજો કોઈ અભ્યાસ તેમને નથી, વીતરાગ સ્વરૂપનો જ અભ્યાસ છે, પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગ સ્વરૂપે અભ્યાસે છે—અનુભવે છે, અને બાહ્યમાં પણ જ્યારે બોલે છે ત્યારે 'આત્માનું વીતરાગ સ્વરૂપ છે' એ જ બોલ બોલે છે. એવા વીતરાગનો (-વીતરાગી ગુરુનો અથવા વીતરાગ સ્વરૂપી આત્માનો) ઉપદેશ સાંભળતાં આસન્નભવ્ય જીવને ચોક્કસપણે પોતાના વીતરાગ સ્વરૂપની ઓળખાણ થાય છે, તેમાં જરાય સંદેહ નથી. જેમના વચન વિષે વીતરાગતાનું જ કથન છે એવા જૈની સાધુને, આસન્નભવ્ય જીવો ગુરુ કહે છે; કેમકે તેમના સિવાય બીજા કોઈ પુરુષ એવા વીતરાગી તત્ત્વનો ઉપદેશ કરતા નથી, તેથી એ પુરુષને જ (-વીતરાગ સ્વરૂપનો અનુભવ તથા ઉપદેશ કરનારને જ) ગુરુની પદવી શોભે છે, બીજાને શોભતી નથી.—આમ નિઃસંદેહપણે જાણવું.

—શ્રી આત્મઅવલોકન



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—આત્મામાં અનંત ગુણો છે. તે ગુણભેદનું લક્ષ છોડવાથી નિર્વિકલ્પ થાય છે, તો તેમાં અનંત ગુણોનું જ્ઞાન ચાલ્યું જતું નથી?

ઉત્તર :—આત્મામાં અનંત ગુણો છે તેનું જ્ઞાન કરીને તેના ભેદનું લક્ષ છોડતાં જ્ઞાન ચાલ્યું જતું નથી, ભેદનો વિકલ્પ છૂટી દૃષ્ટિ અભેદ થતાં નિર્વિકલ્પતામાં અનંત ગુણોનો સ્વાદ આવે છે—અનુભવ થાય છે.

સમયસાર ગાથા ૭ની ટીકામાં અનંત પર્યાયોને એક દ્રવ્ય પી ગયું છે એમ કહ્યું છે. ત્યાં 'પર્યાય' શબ્દથી સહવર્તી ગુણો કહ્યા છે. સમયસારની ૨૯૪મી ગાથાની ટીકામાં પણ સહવર્તી ગુણોને 'પર્યાય' શબ્દથી કહ્યા છે. અનંત ગુણોને દ્રવ્ય પી ગયું છે એટલે અનંત ગુણમય અભેદરૂપ એક અખંડ આત્મા છે.

આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ અભેદ એકરૂપ છે. એમાં આ અશુદ્ધ પર્યાયવાળો આત્મા ને આ શુદ્ધ પર્યાયવાળો આત્મા, એમ એકરૂપ આત્મામાં બે ભેદ પાડવા તે કુબુદ્ધિ છે; એકરૂપ જ્ઞાયકભાવમાં આ બહિરાત્મા અને આ અંતરાત્મા એવા ભેદ કરે છે તે પર્યાયબુદ્ધિ છે. શુદ્ધ નિશ્ચયનયનો વિષય ત્રિકાળ શુદ્ધ એકરૂપ આત્મા પર્યાય વિનાનો છે; એમાં પર્યાયભેદ પાડવાનો વિકલ્પ કરે છે (—દૃષ્ટિ કરે છે) તે મિથ્યાદૃષ્ટિ છે.

પ્રશ્ન :—પર્યાયને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહી છે ને?

ઉત્તર :—આખા દ્રવ્યને પ્રમાણજ્ઞાનથી જોતાં પર્યાય કથંચિત્ ભિન્ન છે ને કથંચિત્ અભિન્ન છે એમ કહેવાય પણ શુદ્ધનયના વિષયભૂત ત્રિકાળી ધ્રુવની અપેક્ષાથી જોતાં ખરેખર દ્રવ્યથી પર્યાય ભિન્ન જ છે. પર્યાયાર્થિકનયથી જોતાં પર્યાય દ્રવ્યથી અભિન્ન છે. પ્રયોજનની સિદ્ધિ માટે તો પર્યાયને ગૌણ કરી, અવિદ્યમાન જ ગણી ત્રિકાળી ધ્રુવને મુખ્ય કરી ભૂતાર્થનો આશ્રય કરાવ્યો છે.

પ્રમત્તપર્યાય પરદ્રવ્યના નિમિત્તથી મલિન થાય છે એમ કહ્યું પણ અપ્રમત્તપર્યાયને પણ પરદ્રવ્યના સંયોગજનિત કહી દીધી છે. ઔદયિકાદિ ચાર ભાવને આવરણવાળા કહ્યા છે. કેવળજ્ઞાનની ક્ષાયિક પર્યાય પણ કર્મકૃત (પંચાસ્તિકાયમાં) કહી છે કારણ કે

**જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;**
**જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.**

તેમાં કર્મના અભાવની અપેક્ષા આવે છે. ચાર ભાવો તે જ્ઞાયકસ્વભાવમાં નથી, કર્મની અપેક્ષા આવવાથી કર્મકૃત કહ્યાં છે.

ભગવાને કહેલાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપનું પ્રતિપાદન કરવામાં સમર્થ એવો દ્રવ્યલિંગી મુનિ દ્રવ્ય-ગુણ-પર્યાય વગેરેમાં તો ચિત્તને જોડે છે, પણ નિત્યાનંદ પ્રભુ નિજ કારણપરમાત્મામાં ક્યારેય ચિત્તને જોડતો નથી તેથી તે અન્યવશ છે. પર એવા વિકલ્પોને વશ થતો હોવાથી અન્યવશ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિકલ્પમાં ચિત્તને જોડે છે તે ઝેરના પ્યાલા પીએ છે. નિત્યાનંદ નિજ કારણપરમાત્મામાં ચિત્તને જોડે છે તે અનાકુલ આનંદરસના પ્યાલા પીએ છે.

પ્રશ્ન :—અનાદિના અજ્ઞાની જીવને, સમ્યગ્દર્શન પામ્યા પહેલાં તો એકલો વિકલ્પ જ હોય ને?

ઉત્તર :—ના; એકલો વિકલ્પ નથી. સ્વભાવ તરફ ઢળી રહેલા જીવને વિકલ્પ હોવા છતાં તે જ વખતે આત્મસ્વભાવના મહિમાનું લક્ષ પણ કામ કરે છે, ને તે લક્ષના જોરે જ તે જીવ આત્મા તરફ આગળ વધે છે; કાંઈ વિકલ્પના જોરથી આગળ નથી વધાતું...રાગ તરફનું જોર તૂટવા માંડ્યું ને સ્વભાવ તરફનું જોર વધવા માંડ્યું, ત્યાં (સવિકલ્પદશા હોવા છતાં) એકલો રાગ જ કામ નથી કરતો, પણ રાગના અવલંબન વગરનો, સ્વભાવ તરફના જોરવાળો એક ભાવ પણ ત્યાં કામ કરે છે, અને તેના જોરે આગળ વધતો વધતો, પુરુષાર્થનો કોઈ અપૂર્વ કડાકો કરીને નિર્વિકલ્પ આનંદના વેદન સહિત સમ્યગ્દર્શન પામી જાય છે.

પ્રશ્ન :—વિકાર થાય છે તે ચારિત્રગુણની પર્યાયની જ લાયકાત છે, તો પછી જ્યાં સુધી ચારિત્રગુણની પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે, એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ?

ઉત્તર :—એકેક સમયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય ક્યા જ્ઞાનમાં કર્યો? ત્રિકાળીસ્વભાવ તરફ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયની પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થઈ શકે નહિ અને જ્યાં જ્ઞાન ત્રિકાળીસ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિના જોરે પર્યાયમાંથી રાગ-દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેની પર્યાયમાં લાંબોકાળ રાગ-દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્નિર્ણયનું જોર છે.

જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,
તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

***પ્રશ્ન*** **:—ફક્ત વિચારોના માધ્યમથી સ્વભાવ ગ્રહણ થઈ શકે ?**

**સમાધાન :**—તત્ત્વવિચારમાં તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું આત્માને ગ્રહણ કરું. એકલા માત્ર ઉપર ઉપરના વિચારો કે શાસ્ત્રના વિચારો કર્યા કરે તો થાય નહિ. પોતાને ચૈતન્ય ગ્રહણ કરવાના, શાસ્ત્રના, દ્રવ્ય–ગુણ–પર્યાયના વગેરે બધા વિચારો, સ્વભાવ એકદમ ગ્રહણ થઈ જાય તેમ નહીં હોવાથી વચમાં ભલે આવે, તો પણ તેનું ધ્યેય એવું હોવું જોઈએ કે હું મારા આત્માને ગ્રહણ કરું. તેને પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવાનું લક્ષ હોવું જોઈએ કે મને મારો આત્મા કેમ ગ્રહણ થાય? જોકે તત્ત્વના વિચાર એ મુખ્ય સાધન છે, છતાં તેમાં પણ પોતાને ગ્રહણ કરવાનો પ્રયત્ન થવો જોઈએ.

***પ્રશ્ન*** **:—સ્થૂલ ઉપયોગને સૂક્ષ્મ કરવાની કોઈ પદ્ધતિ નહિ હોય ?**

**સમાધાન :**—ઉપયોગ સ્થૂલ થવાનું કારણ પોતાને બહારની મહિમા છે; બહારની એકત્વબુદ્ધિ છે તેથી ઉપયોગ સ્થૂલ થઈ ગયો છે.

બહારમાં તેને ક્યાંય ગમે નહિ, ક્યાંય રુચે નહિ, ક્યાંય ચેન પડે નહિ, ક્યાંય સુખ લાગે નહિ અને આ બાજુ સુખ મારા આત્મામાં છે, મને આત્મા કેમ ઓળખાય? કેમ ઓળખાય?– એવી જાતની ક્ષણે ને ક્ષણે ચૈતન્યની લગની લાગે, એક ને એક લગની લાગે એનો મહિમા આવે તો ઉપયોગ સૂક્ષ્મ થયા વગર રહે નહિ. સાચી રુચિ લાગે, સાચો પુરુષાર્થ કરે–સાચું કારણ પ્રગટ થાય તો કાર્ય આવ્યા વગર રહેતું નથી. જેમ આકોલિયાનું બી વાવે અને આંબો ઊગે એમ બને નહિ, આંબાનું બીજ વાવે તો જ આંબો ઊગે છે, તેમ આત્માને યથાર્થ ઓળખે, ચૈતન્યનું મૂળ ઓળખે અને પછી તેમાં જ્ઞાન–વૈરાગ્ય–ધ્યાનનું સિંચન કરે તો તે પ્રગટ થાય. તેનો મૂળ સ્વભાવ ઓળખવો જોઈએ. આ સ્વભાવ છે અને આ વિભાવ છે–એમ વિભાવ-સ્વભાવનો ભેદ પાડીને સ્વભાવને ઓળખવો જોઈએ.

ખરી લગની હોય તો કાર્ય આવ્યા વગર રહેતું જ નથી. માટે સ્વભાવ ઓળખવાનો

**દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,**<br>**નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.**

જ પ્રયાસ કરવો, થાકવું નહિ. તેનો પ્રયાસ કરવાથી કાર્ય થાય છે અને તે જ સ્વભાવનું ખરું ગ્રહણ કરવાની રીત છે.

***પ્રશ્ન :***—જ્ઞાનીને પરિણતિ વ્યાપારરૂપ હોય છે, એવું આપ ફરમાવો છો; પણ તેનો અર્થ સમજાતો નથી?

**સમાધાન :**—વ્યાપારરૂપ પરિણતિ એટલે જ્ઞાયકતાની—ભેદજ્ઞાનની પરિણતિ. જ્ઞાનીને સ્વાનુભૂતિ થયા પછી સવિકલ્પદશામાં જેટલે અંશે જ્ઞાયકતા પ્રગટ થઈ છે તેટલી જ્ઞાયકની ધારા વર્ત્યા જ કરે છે. આખી દૃષ્ટિ તો અખંડ દ્રવ્ય ઉપર છે—દ્રવ્યને જ ગ્રહણ કરે છે. અને જ્ઞાન પણ તે તરફ વળેલું છે—અંશે પરિણતિ વળેલી છે, અને તેથી જ્ઞાયકતાની ધારા તો વર્ત્યા જ કરે છે, ભેદજ્ઞાનની ધારા ક્ષણે ક્ષણે વર્ત્યા જ કરે છે, તેના પુરુષાર્થની ધારા—પુરુષાર્થનો વ્યાપાર ચાલ્યા જ કરે છે. ગમે તેવા શુભ વિકલ્પ હોય તો પણ ભેદજ્ઞાનની ધારા—જ્ઞાતાની ધારા વર્ત્યા જ કરે છે. કોઈવાર તેને સ્વાનુભૂતિ થાય કે કોઈવાર સવિકલ્પતામાં હોય; ગમે તે કાર્યમાં હોય કે ગમે તે વિકલ્પમાં હોય, પણ ભેદજ્ઞાનની ધારા—જ્ઞાયકની ધારા, અંશે શાંતિનું વેદન, જ્ઞાયકતા વગેરે બધું તેને કદી છૂટતું નથી. બધાથી ઊર્ધ્વ ને ઊર્ધ્વ, અને છૂટો ને છૂટો રહે છે, તેની જ્ઞાયકતા છૂટતી નથી. જાગતાં, ઊંઘતાં કે સ્વપ્નમાં પણ તેને જ્ઞાયકની ધારા એમ ને એમ ચાલ્યા જ કરે છે.

***પ્રશ્ન :***—ચોથા ગુણસ્થાને વધુમાં વધુ કેટલી ઝડપથી નિર્વિકલ્પદશા થઈ શકે?

**સમાધાન :**—એ તો તેના પુરુષાર્થની યોગ્યતા હોય તે પ્રમાણે થાય છે. છઠ્ઠા—સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં નિર્વિકલ્પદશા થાય છે. એવું તેને—ચોથા ગુણસ્થાનવાળાને—નથી થતું. ચોથા ગુણસ્થાન કરતાં પાંચમા ગુણસ્થાને વિશેષ ઝડપ હોય છે, ચોથા ગુણસ્થાને તેને યોગ્ય હોય એટલી ઝડપ હોય છે. છઠ્ઠા—સાતમા ગુણસ્થાને ક્ષણ-ક્ષણમાં—અંતર્મુહૂર્તમાં થાય છે, એવી ઝડપથી ચોથા ગુણસ્થાને નથી થતું. બાકી તો તેના પુરુષાર્થની જેવી ગતિ હોય તે પ્રમાણે થાય છે, તેનો નિયમિત કાળ નથી હોતો.

મુમુક્ષુઃ—કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો?

બહેનશ્રીઃ—કોઈ જીવ બહુ પુરુષાર્થી હોય તો તેની નિવૃત્તિ ને અંદર પરિણતિની—જ્ઞાયકની ઉગ્રતા પ્રમાણે થાય. પરિણતિ હોય તો તેને વિશેષ ઝડપથી થાય છે. આ રીતે કોઈને અમુક પ્રકારે થાય ને કોઈને અમુક પ્રકારે થાય, પણ ભૂમિકા ઓળંગીને નથી થતું, ભૂમિકા પ્રમાણે થાય છે.

**પરને જ જાણે જ્ઞાન તો દગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,**
**દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.**

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### * જ્ઞાનવૈભવ-પ્રકાશન વાર્ષિક દિવસ *

'બહેનશ્રીનો જ્ઞાનવૈભવ' ગ્રંથના પ્રકાશનનો વાર્ષિક દિવસ શ્રાવણ વદ-૧૪, તા. ૧-૯-૨૦૨૪ રવિવારના દિવસે છે. આ દિવસે બહેનશ્રીના ઉપકારો પ્રતિ કૃતજ્ઞતા જ્ઞાપનાર્થ, શ્રી જિનેન્દ્રપૂજા સમારોહ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

### * મંગલ પત્રિકાલેખન વિધિ *

પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૧૧૧મો જન્મોત્સવ શ્રી અખિલ ગુજરાત-સૌરાષ્ટ્ર ભગવતી મહિલા મંડળ દ્વારા ઊજવવામાં આવનાર છે તે મહોત્સવની નિમંત્રણ પત્રિકાની લેખનવિધિ તા. ૨૧-૭-૨૦૨૪ રવિવારના દિવસે સુવર્ણપુરી (સોનગઢ)માં વિવિધ મુમુક્ષુમંડળોના સભ્યોની ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. સવારે નંદીશ્વર જિનાલયમાં અષ્ટાહ્નિકા પૂજન પૂર્ણાહુતિ પછી મુમુક્ષુઓ બ્ર. કોકિલાબેનના નિવાસસ્થાન વિશ્રાંતિ વિલા ગયા હતા બ્ર. કોકિલાબેનના નિવાસસ્થાને પૂજ્ય ગુરુદેવશ્રી પૂર્વભવમાં વિદેહક્ષેત્રમાં રાજકુમારના ભવમાં અને પૂજ્ય બહેનશ્રીનો જીવ શેઠ પુત્ર હતા ત્યાંની વિદેહક્ષેત્રની નૌવલપુર નગરી, ૨૨૫ કમળ સહિત ભગવાનનો વિહાર-સ્વાગત, કુંડલપુરમાં ભગવાનનું સમવસરણ, કુંદકુંદાચાર્ય, રાજકુમાર, દેવકુમાર દર્શન કરે છે ને ત્યાંથી દેવકુમારના પગલાં ભરતમાં વઢવાણ શહેરમાં, જન્મધામમાં, જંબૂવૃક્ષ પરિવારની રચના, મેરુ પર્વત, પૂજ્ય માતાજીના અનેક ચિત્રો, હસ્તાક્ષર વિગેરે સુંદર રીતે દર્શાવવામાં આવ્યું હતું. જેને નિહાળીને મુમુક્ષુ સમાજ શ્રદ્ધાપૂર્વક નમ્રીભૂત થઈ ગયો હતો. પછી ભક્તિપૂર્વક પત્રિકાની અક્ષત-પુષ્પથી વધાઈ કરવામાં આવી. ત્યારબાદ વાજતે-ગાજતે ભક્તિપૂર્વક નિમંત્રણ-પત્રિકાને બહેનશ્રીના નિવાસસ્થાને થઈને પરમાગમમંદિર લાવવામાં આવી. પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું. પછી ટ્રસ્ટીશ્રી તથા અન્ય દ્વારા પ્રાસંગિક જાહેરાત તથા આ મહોત્સવના વિશેષ આકર્ષણો સંબંધિત સંક્ષેપમાં માહિતી આપવામાં આવી હતી. પછી મહિલા મંડળની બહેનો દ્વારા ગરબા-ભક્તિનૃત્ય પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિમંત્રણપત્રિકાનું વાંચન ગુજરાત-સૌરાષ્ટ્ર ભગવતી મહિલા મંડળ વતી બ્ર. કોકિલાબેન ખારા અને રૂપાબેન ખારા, સોનગઢ દ્વારા ભાવવાહી રીતે કરવામાં આવ્યું. પશ્ચાત્ પત્રિકા-લેખન વિધિ ભજનમંડળીના ભક્તિમય વાતાવરણમાં સાનંદ સંપન્ન થઈ. આ પ્રસંગે સોનગઢ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ તથા બહારગામથી મહિલામંડળના સભ્યો અને મુમુક્ષુઓ પધાર્યા હતા.

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૫૭ : ધ્યાનદશા વખતે આત્મામાં કઈ કઈ જાતની પર્યાય હોય ?

ઉત્તર : અર્થપર્યાય અને વ્યંજનપર્યાય બંને હોય છે.

પ્રશ્ન-૫૮ : અરૂપી વસ્તુને આકૃતિ હોય ?

ઉત્તર : હા, પ્રદેશત્વગુણને લીધે દરેક વસ્તુને પોતાની આકૃતિ હોય જ, તેને વ્યંજનપર્યાય કહેવાય છે. આકૃતિ વગરની કોઈ વસ્તુ હોઈ શકે નહિ.

પ્રશ્ન-૫૯ : ધર્મ-અધર્મ-આકાશ અને કાળ—એ ચાર દ્રવ્યને સ્વભાવવ્યંજનપર્યાય છે કે વિભાવવ્યંજનપર્યાય છે ?

ઉત્તર : એ ચારે દ્રવ્યોને સદાય સ્વભાવવ્યંજનપર્યાય જ હોય છે, તેની પર્યાયમાં કદી વિકાર થતો નથી, સંસારીજીવને અને સ્કંધના પરમાણુઓને જ વિભાવવ્યંજનપર્યાય હોય છે.

પ્રશ્ન-૬૦ : અગુરુલઘુત્વગુણ પ્રતિજીવી છે કે અનુજીવી ?

ઉત્તર : અગુરુલઘુત્વગુણ બે પ્રકારના છે, તેમાં જે સામાન્ય અગુરુલઘુગુણ છે તે અનુજીવી છે અને જે જીવનો વિશેષ અગુરુલઘુગુણ છે તે પ્રતિજીવી છે.

પ્રશ્ન-૬૧ : બંને અગુરુલઘુગુણમાં અભાવસૂચક 'અ' આવે છે છતાં બંનેમાં ભેદ કેમ ?

ઉત્તર : સામાન્ય અગુરુલઘુગુણ તો બધી વસ્તુઓમાં ત્રિકાળ છે, તે ગુણ કોઈ બીજાના અભાવની અપેક્ષા રાખતો નથી માટે તે અનુજીવી છે અને વિશેષ અગુરુલઘુગુણ તો ગોત્રકર્મનો અભાવ થતાં સિદ્ધદશામાં પ્રગટે છે—કર્મના અભાવની અપેક્ષા રાખતો હોવાથી તે પ્રતિજીવી ગુણ છે. (જેમાં 'અ' આવે તેને પ્રતિજીવી ગુણ કહેવો એવો કાંઈ નિયમ નથી)

પ્રશ્ન-૬૨ : મન જ્ઞાન કરતાં અટકાવે છે કે મદદ કરે છે ?

ઉત્તર : મન તો જડ છે, તે જ્ઞાનથી જુદું છે તેથી તે જ્ઞાન કરવામાં મદદ પણ ન કરે અને અટકાવે પણ નહિ.

પ્રશ્ન-૬૩ : 'આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો'—ત્યારે અહીંથી છ દ્રવ્યોમાંથી કેટલા દ્રવ્યો ગયા ?

ઉત્તર : એક તો જીવ અને તેની સાથે કાર્મણ તથા તૈજસ શરીરના રજકણો, એટલે કે જીવ અને પુદ્‌ગલ દ્રવ્યો ગયાં. જીવ અને પુદ્‌ગલ દ્રવ્ય સિવાયનાં ચારે દ્રવ્યો તો સદા સ્થિર છે, તેઓમાં કદી ક્ષેત્રાંતર થતું જ નથી.

પ્રશ્ન-૬૪ : 'શરીરને છોડીને જીવના પ્રદેશોનું બહાર ફેલાવું તેને સમુદ્‌ઘાત કહે છે'—આ વ્યાખ્યા બરાબર છે ?

ઉત્તર : ના, આ વ્યાખ્યા બરાબર નથી. શરીરને છોડીને બધા આત્મપ્રદેશ બહાર નીકળી જાય તો મરણ કહેવાય, સમુદ્‌ઘાતમાં તો મૂળ શરીરને છોડ્યા વગર આત્મપ્રદેશો બહાર ફેલાય છે.

## (૧૩૨) બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) જગતમાં સર્વોત્કૃષ્ટ પુણ્યના ધણી .......... હોય છે.
(૨) આત્મા .......... છે.
(૩) .......... માં જ્ઞાનાદિ અનંત ગુણો છે.
(૪) જૈન તત્ત્વના અભ્યાસનું ફળ ............ નો અનુભવ કરવો તે છે.
(૫) જૈન તત્ત્વ ............ થી ભિન્ન પોતાનું .......... તત્ત્વ દેખાડે છે.
(૬) ........... થી ભિન્ન .......... થી ભિન્ન, શુદ્ધ........ સ્વરૂપ જીવ છે.
(૭) અજીવને પોતાથી ........... જાણે તો ........... તત્ત્વની શ્રદ્ધા કરી કહેવાય.
(૮) ........... ની સન્મુખતા વડે ........... તત્ત્વ શ્રદ્ધા થાય છે.
(૯) આત્મહિતની ............... વિદ્યા તે જીવનો ખરો વૈભવ છે.
(૧૦) જિનવાણી મીઠી .......... જેવી......... નું સ્વરૂપ બતાવનારી છે.
(૧૧) જૈન શાસનનો ખરો લાભ ........... ને ઓળખી ......... નો અંત કરી લેવો.
(૧૨) ............ રૂપે પરિણમેલો જીવ તે હાલતું ચાલતું ........... છે.
(૧૩) સમ્યક્જ્ઞાન ............ નું સ્વરૂપ હોવાથી સદા ............ રહેનાર છે.
(૧૪) ............ ની લગનીમાં બહારની પ્રતિકૂળતા નડતી નથી.
(૧૫) જ્ઞાની શરીરને ........... ની માફક તેને ........... થી જુદું જાણે છે.
(૧૬) ............ અને ........... નું ભેદજ્ઞાન કરવું તે સાચો વિવેક છે.
(૧૭) પોતાના ............ અનંત ગુણ-પર્યાય તે જ્ઞાનીનું ........... છે.
(૧૮) આત્માનું ........ જ્ઞાન સદાય શાંતિ આપે છે.
(૧૯) ............ આનંદરૂપ છે ............ માં રાગના કોઈ અંશને ભેળવતું નથી.
(૨૦) .......... હોવા છતાં આત્મા ............ ના અનુભવમાં આવે છે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન ઓગસ્ટ – ૨૦૨૪ના ઉત્તર

(૧) તીર્થંકર
(૨) સ્વયંસિદ્ધ
(૩) આત્મા
(૪) આત્મા
(૫) પર, ચૈતન્ય
(૬) પર, રાગ, ઉપયોગ
(૭) ભિન્ન, અજીવ
(૮) શુદ્ધાત્મા, સાચી
(૯) અધ્યાત્મ
(૧૦) અમૃત, આત્મા
(૧૧) આત્મા, ભવ
(૧૨) રત્નત્રય, તીર્થ
(૧૩) આત્મા, અવિચળ
(૧૪) આત્મા
(૧૫) વસ્ત્ર, આત્મા
(૧૬) સ્વ, પર
(૧૭) શુદ્ધ, સામ્રાજ્ય
(૧૮) સમ્યક્
(૧૯) સમ્યક્જ્ઞાન, ઉપયોગ
(૨૦) અરૂપી, જ્ઞાન

## આત્મધર્મ સંબંધી અગત્યની સૂચના

આપ અમારા મુમુક્ષુ છો. આત્મધર્મ ગુજરાતી અંક તમને ઘણા સમયથી મોકલીએ છીએ. હવે ટ્રસ્ટે નક્કી કરેલ છે કે જે ગ્રાહક ૧૫ વર્ષથી વધુ સમયના છે તેમને આગલા મહિનેથી અંક મોકલવાનું બંધ કરવામાં આવશે. જો તેમણે આત્મધર્મ અંક ફરીથી ચાલુ કરવો હોય તો તેઓ આત્મધર્મ કાર્યાલયને એક સંમતિપત્રક મોકલશો તો તમને બીજા ૫ વર્ષ માટે રીન્યુ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત જેઓને ફીઝીકલ કોપી ન જોઈતી હોય તો તેમને **email** અથવા **whatsapp** પર **PDF** ફાઈલ મોકલવામાં આવશે. માટે તમે તમારો વ્યવસ્થિત જવાબ આપશો તે મુજબ તમારો સંતોષ કરવામાં આવશે.

તમારું સંમતિપત્ર આત્મધર્મ કાર્યાલય અથવા **email** કે **Whatsapp** પર મોકલી શકો છો.

આત્મધર્મ કાર્યાલય,
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (જિ. ભાવનગર)

**email contact@kanjiswami.org**
**Whatsapp No 9276867578**

## સંમતિપત્ર

પ્રતિ શ્રી આત્મધર્મ કાર્યાલય

આથી હું ........................................................................... જણાવું છું કે અમારે ત્યાં આપના દ્વારા મોકલવામાં આવતા આત્મધર્મ અંકનું અમે નિયમિત વાંચન/સ્વાધ્યાય કરીએ છીએ. તથા કોઈ પ્રકારનો અવિનય અશાતના અમારા દ્વારા થતી નથી. તેથી અમારા માટે આત્મધર્મ અંક રીન્યુ કરવા વિનંતી છે.

આત્મધર્મ ફિઝીકલ /**email** / **whatsapp** ....................... દ્વારા અમને મોકલશો.

ગ્રાહક નંબર : ..................

નામ : ................................................................

સરનામું : ...........................................

...........................................

............................................

સંપર્ક નં. : ...............................

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● આત્મા શાશ્વત છે તો તેની શક્તિઓ પણ શાશ્વત છે. એના સામું જુએ તો સમ્યગ્દર્શન, જ્ઞાન થાય. આત્મતત્ત્વ અનંત શક્તિનો પિંડ છે તેનો જેને આદર નથી. પણ પુણ્ય-પાપનો આદર છે તે સંસારમાં રખડે છે અને અંતરનો વિશ્વાસ ન આવતાં બહારનો વિશ્વાસ પ્રસિદ્ધ છે. પાણીમાં અમુક પ્રકારની ગોળી નાખે અને ઝાડા થાય એનો વિશ્વાસ લાવે, પણ આત્મા અનંત શક્તિવાન છે તેનો અજ્ઞાની વિશ્વાસ કરતો નથી. ૬૪૬.

● પુરુષાર્થ દ્વારા જેણે મોહનો નાશ કર્યો છે અર્થાત્ પરની સાવધાની છોડી દીધી છે અને જ્ઞાન માત્ર પોતાના સ્વભાવની સાવધાની કરે છે તે સિદ્ધદશાને પામે છે. જ્ઞાન માત્ર સિવાય બીજા કોઈ ઉપાયે કલ્યાણ થતું નથી. ૬૪૭.

● જે આત્મસન્મુખ થાય તે વિકારથી વિમુખ થયા વગર રહે નહીં. હું નિર્વિકાર છું એમ કહે પણ વિકારથી વિમુખ ન થાય તો તે માત્ર ધારણા છે. રાગથી, પુણ્યથી કે પરથી ચૈતન્યની એકતા નથી, એવી પૃથક્તારૂપ ભેદજ્ઞાન તો કરતો નથી અને કહે છે કે જ્ઞાનમય વસ્તુ ગ્રહણ કરી છે તો તે વાત ખોટી છે. સ્વભાવની દૃષ્ટિ કરે તેને વિભાવનો અભાવ થવો જોઈએ. છતાં વિભાવનો અભાવ ન થયો તો સ્વભાવદૃષ્ટિ જ થઈ નથી. ૬૪૮.

● દયા, દાન, ભક્તિ, પૌષધ, પ્રતિક્રમણ, સામાયિક વગેરે ક્રિયાકાંડમાં કુશળ, લૂખો આહાર ખાવો, વગેરે બધી ક્રિયા શુભરાગ અને પરની છે એવી એકલી શુભરાગની ક્રિયામાં જે સંતુષ્ટ થાય છે કે આપણે ઘણું કર્યું, તેને આ પુણ્ય-પાપના વિકાર રહિત નિષ્કર્મ ભૂમિકાની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનસ્વભાવી આત્માની દૃષ્ટિ થતી નથી. કોઈ એમ કહે કે રાગને ઘટાડું છું, પણ રાગ રહિત ચૈતન્ય કોણ છે, એની ખબર નથી તો તેને પણ આત્માના ધર્મની પ્રાપ્તિ થતી નથી. આત્માને સમજે નહિ અને એકલો રાગ ઘટાડે તેને પણ ધર્મ થતો નથી. અને માત્ર જ્ઞાનની વાતો કરે ને રાગનો અભાવ ન કરે તો તેને પણ આત્માની પ્રાપ્તિ થતી નથી—ધર્મ પ્રગટ થતો નથી. ૬૪૯.

● જે ક્ષણે અને પળે અનુકૂળતા કે પ્રતિકૂળતાના સંયોગોમાં હરખ-શોક વેદ્યા કરે છે તેને કષાયની મંદતા પણ નથી. તેને તો આત્મા કોણ છે એની રુચિ કરવાનો પ્રસંગ પણ નથી. કેમકે તેને ક્ષણિકની રુચિ છૂટતી નથી. રાગ ઘટવાના પ્રસંગની ખબર નથી તેને રાગનો અભાવ કદી થતો નથી. ૬૫૦